
# સૃષ્ટિ સાથે માણસનો નાતો

વિનોબા



GJ 891.474
V 77

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# સૃષ્ટિ સાથે માણસનો નાતો

વિનોબા

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુઝરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧.

૧૦ રૂપિયા

(શ્રી બાબુલનાથ મંદિર ચેરિટીઝ, મુંબઈની સહાયથી)

Library IIAS, Shimla
GJ 891.474 V 77
00130259

પ્રથમ આવૃત્તિ
ફેબ્રુઆરી ૨૦૦૫ : પ્રત ૧૦૦૦

Acc. No. 130259
Date 9-9-2010
SHIMLA
GJ
891.474
V 77

પ્રકાશક
જગદીશ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

મુદ્રક
મધુ પેકેજિંગ કારેલીબાગ વડોદરા

# પ્ર કા શ કી ય

**આ** સૃષ્ટિનું સ્વરૂપ કેવું છે અને તેની સાથે માણસનો નાતો કેવો છે ? સ્વસ્થ નરવી જીવનદૃષ્ટિ એમ કહે છે કે આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે. એ પરમેશ્વરનું પ્રગટ સ્વરૂપ છે. એ ચૈતન્યમય છે. તેમાં એક સમગ્ર વ્યવસ્થા જણાય છે, આયોજન જણાય છે. એ માણસની મિત્ર છે. માણસનો આ સૃષ્ટિ સાથે એકાત્મતાનો ઘનિષ્ઠ નાતો છે. સૃષ્ટિની સેવા કરવી, એ માણસનું પરમ કર્તવ્ય છે. માણસ સૃષ્ટિ પાસેથી હમેશાં લેતો રહે છે. તેથી ક્ષતિપૂર્તિ કરતા રહેવી, શુદ્ધિકરણ કરતા રહેવું અને નવનિર્માણ કરતા રહેવું, એ માણસનું યજ્ઞમય ત્રિવિધ કર્તવ્ય છે.

આ માટે શરીર-પરિશ્રમ અનિવાર્ય બની રહે છે. હવેનો યુગ એ આવી શ્રમનિષ્ઠાનો યુગ છે, શ્રમિકોનો યુગ છે. શ્રમમાંથી જ શ્રી અને લક્ષ્મી પેદા થાય છે. માટે સમાજ-વ્યવસ્થા શ્રમ-આધારિત બને. શ્રમની આર્થિક-સામાજિક-નૈતિક પ્રતિષ્ઠા થાય છે. આ બધું કરવું એ જ આજના યુગમાં બ્રહ્મવિદ્યાની ઉપાસના છે.

— આવો એક સમગ્ર સંદેશ આ નાનકડી પુસ્તિકા આપણને આપી જાય છે. માણસ આજે જ્યારે સૃષ્ટિ સાથે અત્યંત અણઘડ, નાદાન ને વિનાશકારી વર્તન કરી બેઠો છે અને તેનાં અનેક વિઘાતક દુષ્પરિણામો ભોગવી રહ્યો છે, ત્યારે સૃષ્ટિ સાથેના માણસના નાતાની આ વિભાવના એકદમ સમર્પક ને ઉપકારક છે. આનું ઊંડું ચિંતન-મનન થવું જોઈએ તથા આવી સ્વસ્થ નિરામય વિભાવના અનુસાર સૃષ્ટિ સાથેનો આપણો નરવો નાતો નવેસરથી ગોઠવાવો જોઈએ. આવી ભાવના સાથે આ પુસ્તિકા પ્રસ્તુત છે. વિનોબાજીનાં અનેક પ્રવચનો, વકતવ્યો, લેખો પરથી સંકલિત-સંપાદિત કરીને આ પુસ્તિકા કાન્તિ શાહે તૈયાર કરી છે.

# અનુક્રમ


૧. સ્વસ્થ નરવી જીવન દૃષ્ટિ.........................૫

૨. સૃષ્ટિ સાથે આત્મીય નાતો ..................... ૧૦

૩. સૃષ્ટિ ચેતનમય છે............................... ૧૫

૪. માણસનું યજ્ઞમય ત્રિવિધ કર્તવ્ય ............... ૧૯

૫. સૃષ્ટિની સેવા માટે શ્રમ અનિવાર્ય.............. ૨૩

૬. સમાજ-વ્યવસ્થા ધન-આધારિત નહીં,
શ્રમ-આધારિત બને............................ ૨૭

૭. હવેનો યુગ શ્રમિકોનો છે ....................... ૩૨

# ૧

# સ્વસ્થ નરવી જીવનદૃષ્ટિ

**એક** વખત હું રેલવેમાં જતો હતો. ગાડી યમુનાના પુલ પર આવી. મારી પાસે બેઠેલા એક ઉતારુએ ઉમળકાભેર એક પૈસો નદીમાં નાખ્યો. પાસે બેઠેલા એક મહાશય બોલ્યા, ''આમેય દેશ આપણો ગરીબ, અને આવા લોકો નકામા પૈસા ફેંકી દે છે !'' ત્યારે મેં કહ્યું, ''આની પાછળની ભાવનાયે જોવી જોઈએ. કોઈ સારા કામમાં એમણે આ પૈસો વાપર્યો હોત તો સારું થાત. પરંતુ આ નદી એટલે જાણે કે ઈશ્વરની કરુણા વહી રહી છે, એવી ભાવનાથી એમણે આ રીતે એક પૈસો નદીને સમર્પિત કર્યો, તેનીયે કીમત છે.

### ભાવનાનુંયે અનેરું મૂલ્ય છે

એક નદીના દર્શનથી એમના દિલમાં આવી ભાવના જાગી. નદી એટલે શું ઑક્સિજન અને હાઈડ્રોજનથી થયેલું પાણી માત્ર ? સૂર્ય એટલે ગેસની બત્તીનો એક નમૂનો જ ? તેને વળી નમસ્કાર શું કરવા ? આને બદલે આવી ભાવના દિલમાં જાગે, તેનું મોટું મૂલ્ય છે. આવડો મોટો આ સૂરજ ઊગ્યો છે, આવી સુંદર નદી વહી રહી છે —આમાં જો માણસને પરમેશ્વરનો અનુભવ નહીં થાય, તો પછી ક્યાં થશે ? અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થ ભારે દુઃખથી કહે છે કે, ''પહેલાં હું મેઘધનુષ જોતો, તો નાચી ઊઠતો. મારું હૃદય હિલોરા મારવા લાગતું. પણ આજે હું કેમ નાચી નથી ઊઠતો ? પહેલાંની જીવન-માધુરી ખોઈને ક્યાંક હું પથ્થર તો નથી બની ગયો ને ?'' આમ, ભાવનાનુંયે ભારે મહત્ત્વ છે.

મને બાળપણની યાદ આવે છે. હું જમવા જતો, ત્યારે મારી મા મને પૂછતી કે ''તુલસીને પાણી પાયું ?'' જ્યાં સુધી હું તુલસીને પાણી ન પાઉં, ત્યાં સુધી મારી મા મને ખાવા નહોતી આપતી. બાલપણથી જ આ કેવા સારા સંસ્કાર મને મા તરફથી મળ્યા ! ઝાડપાનની સેવા કર્યા વિના ખાવું નહીં.

ખાધા પહેલાં તુલસીના છોડને પાણી પાવું, ગાય ને કૂતરા માટે કાંઈક અલગ રાખવું, એ ભારતીય સંસ્કૃતિનો વિચાર છે. તેમાં સમાજને માટે કાંઈક ને કાંઈક દેવાની વાત છે. માણસ એકલો નથી, આ વૃક્ષ-વનસ્પતિ છે, પશુ-પંખી છે, એ બધાંનોય આપણે જે ખાઈએ-પીએ છીએ, તેમાં કાંઈક ને કાંઈક હિસ્સો છે, એવી ભાવના ભારતીય સંસ્કૃતિમાં રૂઢ થયેલી છે.

એક વાર સવારમાં હું ફરવા નીકળ્યો. રસ્તામાં એક ખેતર આવ્યું. ફસલની રક્ષા કરવા ખેતરમાં એક માંચડો બાંધેલો અને તેના ઉપર ખેડૂત બેઠેલો. સૂર્યોદયની વેળા હતી. મેં જોયું કે પંખીઓ દાણા ખાઈ રહ્યા હતા અને ખેડૂત તો હાથ પર હાથ મૂકીને એમનેમ બેઠો રહેલો. મેં તેને કહ્યું, ''અરે, આ પંખીઓ ફસલ ખાઈ જાય છે, તારું ધ્યાન છે કે નહીં ?'' તો એ બોલ્યો, ''અરે ભાઈ, આ તો રામપ્રહર છે. હજી તો સૂર્યનારાયણ આવી રહ્યા છે. હમણાં થોડો વખત એમને ખાઈ લેવા દો, પછી ઉડાડીશ. ફસલમાં એમનોયે હક છે ને !''

## સર્વભૂત હિતે રતા:

આ છે, ભારતીય માનસ. ભારતીય સંસ્કૃતિ કેટલી ઊંડી ગઈ છે, તેનું દર્શન ગરીબ ખેડૂતના આ જવાબમાં થાય છે. *'સર્વભૂતહિતે રતા:'* શંકરાચાર્ય આનો અર્થ કરે છે. *'અહિંસક ઇત્યર્થ:'*—આનો અર્થ અહિંસા છે. એક જ શબ્દમાં બતાવી દીધું. આપણે માણસ સુધી સીમિત ન રહ્યા, ભૂતમાત્રને આવરી લીધા. એટલો વિશાળ શબ્દ પૂર્વજોએ આપણી સામે મૂક્યો કે તેનાથી વધુ વિશાળ બીજો કોઈ શબ્દ હોઈ જ ન શકે. 'સર્વ' કહી દીધું, 'ભૂત' કહી દીધું, અને 'હિત' કહી દીધું, પછી બીજું કહેવાનું બાકી શું રહ્યું ? માણસ જેટલી ઊંચી ઉડાન ભરી શકે છે, તેટલી પૂરી ઊંચી ઉડાન આ શબ્દમાં પડી છે. પશ્ચિમમાં લોકો કહે છે, 'ગ્રેટેસ્ટ ગૂડ ઑફ ધ ગ્રેટેસ્ટ નંબર' —વધુમાં વધુ માણસોનું વધુમાં વધુ ભલું. તેઓ 'સર્વ માનવોદય' પણ નથી કહેતા. જ્યારે આપણે ત્યાં ભૂતમાત્રનું હિત સાધવાની વાત કરી છે.

આમ, આપણે પશ્ચિમના દેશો પાસેથી સમાજશાસ્ત્ર શીખવાનું નથી. સમાજશાસ્ત્રની બાબતમાં પશ્ચિમના દેશો હજી બચ્ચાં છે, જ્યારે આપણો દેશ અનુભવી અને પુરાણ-પુરુષ છે. આપણે ત્યાં એક વ્યાપક સમાજશાસ્ત્ર રચાયેલું છે. તેને હજી પરિપૂર્ણ બનાવીને આપણે દુનિયાને રસ્તો બતાવવાનો છે. આજે જે પાગલપણું પશ્ચિમમાં ચાલી રહ્યું છે, તેનું અનુકરણ આપણે નથી કરવાનું. તેનું અનુકરણ કરીશું, તો આપણે પશ્ચિમના ગુલામ બનીશું અને આપણી અસલિયત ખોઈ બેસીશું. વેદથી લઈને આજ સુધી આપણે ત્યાં જેટલા વિચાર-પ્રવાહો ચાલ્યા, તે બધા આપણને અહિંસા તરફ લઈ જઈ રહ્યા છે. આપણને જેટલો મહાન વારસો મળ્યો છે, તેટલો કોઈ બીજા દેશને નથી મળ્યો. તે વારસાને કાયમ રાખવાની અને વધારતા રહેવાની ખાસ જવાબદારી આપણા ઉપર છે. માટે ભારતીય સંસ્કૃતિનો આપણે ઊંડો અભ્યાસ કરવો જોઈએ.

## ભોગને યોગમય કરવાનો છે

માણસે પોતાના ભોગને યોગમય કરવાનો છે. ગૌતમ બુદ્ધે તૃષ્ણાક્ષયની વાત કરી છે. તૃષ્ણાક્ષય વિના અહિંસા ટકવાની નથી. તે માટે ભોગને યોગમય કરવો પડશે. અમેરિકાની બધી યોજના ભોગની છે. તેમાં યોગની વાત નથી. તેનો આદર્શ આપણને કામનો નથી. આપણે જો અહીં પણ તે પ્રકારની ભોગની યોજના પાછળ જ પડીશું, તો માર ખાઈશું. તે આપણી સંસ્કૃતિની વિરુદ્ધ જશે. આપણે ત્યાં પણ અર્થશાસ્ત્ર નહોતું

એમ નહીં, પરંતુ તે સમાજશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રને અધીન હતું. *'અર્થશાસ્ત્રાત્તુ બલવદ્ ધર્મશાસ્ત્રમિતિ સ્થિતિ:'*—અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર વધારે પ્રમાણભૂત છે. આવો સિદ્ધાંત માન્ય કર્યા વિના અર્થશાસ્ત્રની વિપરીત ચુંગાલમાંથી છુટકારો નહીં મેળવી શકાય. અર્થશાસ્ત્રને શંકરાચાર્યે 'અનર્થશાસ્ત્ર' એવું નામ ક્યારનું આપી રાખ્યું છે. પશ્ચિમમાંયે રસ્કિન જેવા દાર્શનિકોએ અર્થશાસ્ત્ર સામે મોરચો માંડેલો જ છે.

આ અનર્થશાસ્ત્રમાં 'શ્રમ'નું સ્થાન 'પૈસા'ને અને 'પ્રેમ'નું સ્થાન 'સંઘર્ષ'ને આપી દેવામાં આવ્યું છે. આજે પૈસો અને સંઘર્ષ, બંને વાત દુનિયાને સતાવી રહી છે. એમ માનવામાં આવ્યું કે પ્રેમતત્ત્વથી ઉત્કર્ષ નથી થતો, બલ્કે સંઘર્ષથી, સ્પર્ધાથી ઉત્કર્ષ થાય છે. પછી શ્રમ ટાળવાની કોશિશ થાય છે અને લોકોના મન ઉપર પૈસો મેળવવાની ધુન સવાર થઈ જાય છે. આજે જોવા જઈએ તો, પૈસો અને સંઘર્ષ એ બે દોષ બધા ઝઘડાના મૂળમાં છે, ભલે ને તે ઝઘડાને નામ કોઈ પણ આપવામાં આવે. બધા ઝઘડાને જો ખતમ કરવા હોય, તો પૈસાને બદલે ફરી શ્રમની પ્રતિષ્ઠા કરવી પડશે તથા શરીરશ્રમથી થતા ઉત્પાદનમાં દરેક માણસે પોતાનું યોગદાન આપવું પડશે. આની સાથોસાથ દરેકે બીજાને જિવાડીને જીવતાં શીખવું પડશે. સમાજ સાથે કે સમાજની બીજી વ્યક્તિઓ સાથે માણસે સ્પર્ધામાં, હોડમાં કે સંઘર્ષમાં પડવાનું નથી.

### આ બધી પણ ચોરી જ છે !

આજે આખી દુનિયામાં જે કશ્મકશ ચાલી રહી છે, તેનાં અનેક કારણો છે, પણ 'શરીર-પરિશ્રમ ટાળવાની વૃત્તિ' તેમાં સૌથી મોટું કારણ છે. આજે કેટલાક લોકો જ શરીર-પરિશ્રમ કરે છે, બાકીના બધા શરીર-પરિશ્રમ ટાળે છે. અને જેઓ શરીર-પરિશ્રમ કરે છે, તેઓ પણ મોટે ભાગે લાચારીથી કરે છે. જો એવી લાચારી ન હોય, તો એમનામાંથીયે મોટા ભાગના લોકો શરીર-પરિશ્રમ છોડી દેશે. શરીર-પરિશ્રમ માટેની નિષ્ઠા આજે બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. આજે માણસ બીજાઓનું શોષણ કરીને પોતાનું પોષણ કરવા માગે છે. આ બહુ જ ભયાનક બાબત છે. જેમ જંગલમાં કોઈ જાનવર બીજાં જાનવરોને ખાઈને જીવે, તેમ જ જો માનવ-સમાજમાંયે એકના શોષણ ઉપર જ બીજાનું પોષણ ચાલતું રહે, તો ભારે ભયાનક વ્યવસ્થા થઈ પડશે. પછી તો સમાજમાં જંગલનો જ કાયદો ચાલશે.

દુનિયામાં આજે જે ઝઘડા છે, તેનું મુખ્ય કારણ એ જ છે કે આપણે પરિશ્રમ કર્યા વિના વધુમાં વધુ લાભ ઉઠાવી લેવા માગીએ છીએ. આને જ 'ચોરી' કહે છે. રાતે છુપાઈને બીજાના ઘરની ચીજવસ્તુ ચોરી જનાર તો નાનો ચોર છે. પણ મોટા ચોર તો આપણે છીએ, જેઓ જાતે ઓછો શ્રમ કરીને બીજાના શ્રમનો ખોટો લાભ ઉઠાવી લેવા માગીએ છીએ. માણસ જો આટલું સમજી જાય, તો આખી દુનિયાની સિકલ જ બદલાઈ જાય.

જે દેખીતી ચોરી છે, તે કરનારને તો આપણે જેલમાં નાખીએ છીએ. તેને માટે આપણે કાયદા બનાવ્યા છે. પરંતુ જે ચોરીની આપણા કાયદામાં ગણતરી થતી નથી, તેનું શું ? વધુ પડતો પગાર, વધુ પડતો નફો, વ્યાજ, દલાલી, આખરે આ બધું ચોરી જ તો છે.

બીજાઓને જે ચીજવસ્તુ નથી મળતી, તે હું લઈ લઉં, તો તે સંગ્રહ છે, ગુનો છે. સામાન્ય રીતે આપણે લોકો આપણો જ વિચાર કરીએ છીએ, બીજાનો ખ્યાલ જ નથી કરતા. આવો સંગ્રહ અને ચોરી, એ એક જ સિક્કાનાં બે પાસાં જેવાં નથી શું ? વળી, સમાજની ઓછામાં ઓછી સેવા કરીને અથવા સેવા કરવાનું નાટક કરીને અથવા બિલકુલ સેવા કર્યા વિના અને કયારેક-કયારેક તો નુકસાન પહોંચાડીને પણ સમાજ પાસેથી વધુમાં વધુ લેવું, એ પણ ચોરી જ છે. આ બધું રોકયા વિના, આ આખીયે વ્યવસ્થામાં ધરમૂળથી પરિવર્તન લાવ્યા વિના અહિંસક સમાજરચના શક્ય જ નહીં બને.

## જીવનશુદ્ધિ માટે અર્થશુચિતા અનિવાર્ય

સંગ્રહ પણ અમર્યાદ વધતો રહે અને અહિંસા પણ ચાલે, એવું બનવાનું નથી. હા, ચીજવસ્તુ વધતી રહે અને તેનું સમાન વિતરણ પણ થતું રહે, તો તે સંગ્રહ નથી. રેડિયો, લાઉડસ્પીકર વગેરે જો બધાંને ઉપલબ્ધ હોય અને જો આખા સમાજનું ઐશ્વર્ય વધતું હોય, તો તે સંગ્રહ નથી, તેમાં હિંસા નથી. પરંતુ બીજાઓને લૂંટીને પોતાના ઘરમાં સંગ્રહ કરતા જઈએ, તો તેમાં હિંસા થાય છે. માટે અસંગ્રહ, અસ્તેય, સંયમ આ ત્રણ વસ્તુ અહિંસા સાથે જોડાશે, તો જ તે ટકી શકશે.

સંયમ એટલે પોતાના ભોગોની માત્રા અને નામ નક્કી કરવાં. આપણે જો આપણા ભોગોની મર્યાદા નહીં રાખીએ, તો બીજાઓ સાથે ટક્કર આવવી અનિવાર્ય છે. જે ભોગ સહુને ઉપલબ્ધ નથી થઈ શકતો, તે ભોગવવાનો આપણને હરગિજ અધિકાર નથી, એવી ભાવના સહુના મનમાં સ્થિર થવી જોઈએ.

અર્થપ્રાપ્તિની પદ્ધતિનું નિયોજન અસ્તેય કરે છે અને તેની માત્રાનું નિયમન અપરિગ્રહ. અસ્તેય અને અપરિગ્રહ, બેઉ મળીને અર્થશુચિત્વ પૂર્ણ થાય છે. અને અર્થશુચિત્વ વિના વ્યક્તિ તેમજ સમાજના જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા થઈ શકતી નથી. સત્ય અને અહિંસા તો મૂળ વ્રત છે. પરંતુ આર્થિક ક્ષેત્રમાં બંનેનો આવિર્ભાવ અસ્તેય અને અપરિગ્રહથી જ થઈ શકે છે. અને આર્થિક ક્ષેત્ર જીવનનું બહુ મોટું અંગ છે, તેથી ધર્મશાસ્ત્ર તેની ઉપેક્ષા કરી શકે નહીં. બલ્કે, આર્થિક ક્ષેત્રનું નિયમન અને નિયોજન કરવાની જવાબદારી ધર્મ-વિચાર ઉપર આવે છે. તેથી મનુએ કહી દીધું કે, *'યઃ અર્થશુચિઃ સઃ શુચિઃ'* યાને જેના જીવનમાં અર્થશુચિતા છે, તેનું જીવન શુચિ અર્થાત્ શુદ્ધ છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે, *'મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્'* —કોઈનાયે ધનની વાસના ન રાખો. આનો સરળ અર્થ એ જ થાય કે બીજા કોઈના ધનની વાસના તું ન રાખ. પરંતુ શંકરાચાર્યે આનો અદ્ભુત જ અર્થ કર્યો. *'કસ્યસ્વિત્ ધનં, કસ્યચિત્ પરસ્ય સ્વસ્ય વા ધનમ્'.* યાને બીજાના કે પોતાના, કોઈનાયે ધનની કામના ન રાખવી. શંકરાચાર્ય કહે છે કે બીજાના ધનની તો નહીં જ, પણ પોતાના ધનનીયે કામના ન રાખો. એ ખ્યાલ જ ખોટો છે કે આ ધન મારું છે અને તે ધન બીજાનું છે, હું આનો માલિક છું અને તે તેનો માલિક છે. બધું ધન પરમેશ્વરનું જ છે. અને તે આખા સમાજની સેવામાં લાગવું જોઈએ.

તેથી જ શંકરાચાર્યે ભાષ્ય કર્યું કે કોઈનાયે ધનની વાસના, યાને પોતાનાયે અને બીજાનાયે ધનની વાસના ન રાખો.

## ભારતીય સમાજશાસ્ત્રના પાયારૂપ મંત્ર

સમાજશાસ્ત્રમાં આટલું બધું ઊંડું ખેડાણ આપણે ત્યાં થયું છે. આની સરખામણીમાં આર્થિક ને સામાજિક સુધારાઓ સંબંધી આજકાલના પશ્ચિમના વિચારો સાવ પ્રાથમિક લાગે એવા છે. માટે આપણે પશ્ચિમના દેશો પાસેથી સમાજશાસ્ત્ર શીખવાનું નથી. તે બાબત આપણે પશ્ચિમનું અનુકરણ કરવાનું નથી. એક વ્યાપક ને ઊંડું સમાજશાસ્ત્ર આપણે ત્યાં રચાયેલું જ છે. તે આપણો એક અમોલો વારસો છે. આ વારસાને આપણે સાચવવાનો છે અને આગળ વધારવાનો છે.

ઈશાવાસ્ય ઉપનિષદનો આ પ્રથમ મંત્ર આપણા ભારતીય દર્શનના સાર રૂપ છે. તેમાં ભારતીય સંસ્કૃતિનો નિચોડ આવી જાય છે. આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે, માણસે ત્યાગ વૃત્તિથી જીવન જીવવાનું છે, બીજાની ભોગ વૃત્તિની ઈર્ષ્યા કરવાની નથી —આવો ત્રિવિધ સંદેશ આ એક જ મંત્રમાં આપી દેવાયો છે. આપણા સમાજશાસ્ત્રનો આ પાયો છે. આખીયે સચરાચર સૃષ્ટિ ઈશ્વરથી ભરી છે, કોઈ ચીજ તેના વિના ખાલી નથી. આટલું સમજીને આપણે બધું એને અર્પણ કરવું જોઈએ અને જે કાંઈ એની પાસેથી મળે તે પ્રસાદ માનીને ગ્રહણ કરવું જોઈએ. મારું કાંઈ નથી, બધું ઈશ્વરનું છે, એવી ભાવના રાખવી જોઈએ. કોઈનાયે ધનની અભિલાષા રાખવી જોઈએ નહીં. —આવો એક સંપૂર્ણ વિચાર, એક મહાન જીવનવ્યાપી સિદ્ધાંત આ નાનકડા મંત્રમાં બતાવી દીધો છે. ભારતીય સંસ્કૃતિનો આ અમૂલો વારસો છે. સૃષ્ટિ તરફ જોવાની અને માનવ-જીવન તરફ જોવાની એક સ્વસ્થ નરવી દૃષ્ટિ તેમાં આપણને જોવા મળે છે. આવી નીતરી નરવી જીવનદૃષ્ટિની દુનિયાને આજે તાતી જરૂર છે. ગીતામાં દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિની વાત કરી છે. પશ્ચિમની સભ્યતાને આજે આસુરી સંપત્તિની હવસ લાગી છે. ત્યારે દૈવી સંપત્તિ માટેનો પ્રેમ માણસમાં જગાડવાનો છે, એક ભાવના કેળવવાની છે. તે આવી સ્વસ્થ નરવી જીવનદૃષ્ટિથી જ કેળવી શકાશે.

# ૨

# સૃષ્ટિ સાથે આત્મીય નાતો

## સૃષ્ટિ પરમેશ્વરનું પ્રગટ સ્વરૂપ

**એ**કનાથનું ભજન છે, *'સાકર દિસે પર ગોડી ન દિસે'* —સાકર દેખાય છે, પણ તેની મીઠાશ નથી દેખાતી. મીઠાશ તો ચાખવાથી જ સમજમાં આવે છે. એકનાથ સમજાવે છે કે પરમેશ્વર મીઠાશ છે, અને આ સૃષ્ટિ, આ બધા લોકો છે, સાકર. આપણી આંખોને સાકર (સૃષ્ટિ) દેખાય છે, પણ મીઠાશ (ઈશ્વર) દેખાતી નથી. પરંતુ સાકર વિના અવ્યકત મીઠાશને માણસ ન તો ચાખી શકે છે, ન તેની કલ્પનાયે કરી શકે છે. એટલા વાસ્તે તો મીઠાશે સાકરનું રૂપ લીધું છે. જીભથી સાકરનો સ્પર્શ ન કરીએ અને છતાં મીઠાશ ચાખીએ, તે સંભવ નથી. ઈશ્વરના આકલનના પણ આ જ હાલ છે. ઈશ્વર જ્યારે કોઈ ને કોઈ દૃશ્ય સ્વરૂપમાં આવે છે, ત્યારે જ તેનું આકલન કે ગ્રહણ થઈ શકે છે. આપણી સામે આ જે સમસ્ત સચરાચર સૃષ્ટિ છે અને માનવ-સમાજ છે, તે બધું જ કાંઈ પરમેશ્વરનું રૂપ છે. જેમ સાકરમાં મીઠાશ, તેમ આ બધામાં પરમેશ્વર છુપાયેલો છે. આને ગ્રહણ કરીશું, ત્યારે જ એને ગ્રહણ કરી શકાશે.

આ જ વાત 'વિષ્ણુસહસ્રનામ' પણ કહી જાય છે. વિષ્ણુસહસ્રનામનો આરંભ થાય છે... *ૐ વિશ્વં વિષ્ણુ: વષટ્કાર:*. પહેલાં *'વિશ્વમ્'* કહ્યું, પછી *'વિષ્ણુ'* કહ્યું. વિશ્વમ્ પહેલાં લીધું, તે કવિતાના છંદની દૃષ્ટિએ લીધું હશે, એમ માનવાને કારણ નથી. આ કોઈ સાહિત્યની કૃતિ તો છે નહીં. અને *'ૐ વિષ્ણુ: વિશ્વં વષટ્કાર:'*, એમ બોલવામાંયે કોઈ બાધા નથી આવતી, એ પણ ઠીક જામે છે. પરંતુ 'વિશ્વમ્' જ પહેલાં લીધું, કેમ કે 'વિશ્વ' જ ભગવાનનું પહેલું, પ્રત્યક્ષ, બાહ્ય પ્રગટ રૂપ છે. અને 'વિષ્ણુ' તેની અંદર છુપાયેલો છે, તેની અંદર પ્રવિષ્ટ છે. બાહ્ય રૂપ વિશ્વ છે, પ્રત્યક્ષ રૂપ વિશ્વ છે, ભગવાન અંદર છે, માટે *'આંખ ન મૂંદૌ, કાન ન રૂંધૌ'*. બીજું કોઈ સામે ઊભું હોત, તો આંખો બંધ કરવી પડત; પરંતુ આંખો બંધ કરવાની જરૂર નથી, સાક્ષાત્ પરમાત્મા જ સામે ઊભા છે, બીજું કોઈ નહીં. નહીં તો પરમાત્માને જોવા માટે કેટલું કષ્ટ કરવું પડે છે ! પલાંઠી વાળો, ટટાર બેસો, આસન લગાવો, આંખો બંધ કરો.... આમાં કેટલી બધી તકલીફ ઉઠાવવી પડે છે ! પણ કબીર કહે

છે, *'તનિક કષ્ટ નહીં ધારૌં. ખૂલે નૈન પહચાનૌં. હંસિ હંસિ સુંદર રૂપ નિહારૌં.'* મુખ્ય વાત છે, ઓળખવાની. તેથી જ 'વિષ્ણુસહસ્રનામ'માં પહેલું જ નામ લીધું —વિશ્વમ્. આ વસ્તુ એકદમ ધ્યાન ખેંચે છે. આ વાત સમજમાં આવી જાય તો આપણે 'વિષ્ણુસહસ્રનામ'નો અર્થ સમજી લીધો, મર્મ પકડી લીધો.

## આ સૃષ્ટિ અને પ્રકૃતિ માણસની મિત્ર

સૃષ્ટિ અનંત છે અને તેમાં અનંત વસ્તુઓ છે, અનંત વૃત્તિઓ છે. પરંતુ આ સમસ્ત અંતર્બાહ્ય સૃષ્ટિ એક જ અખંડ આત્મા અને એક જ અષ્ટધા પ્રકૃતિના બેવડા મસાલાથી બની છે. સર્વત્ર એક જ ચૈતન્ય ભર્યું છે. આ સૃષ્ટિની ઉપાસનાથી એ ચૈતન્યનો સાક્ષાત્કાર થઈ શકે છે, માણસને આધ્યાત્મિક લાભ મળી શકે છે. ઋગ્વેદનું વચન છે કે પર્વતોની કંદરાઓમાં અને નદીઓના સંગમ પર ધ્યાન-ચિંતન કરવાથી જ્ઞાનીનો જન્મ થયો. ખરું જ્ઞાન ત્યાં જ લાધે છે.

માટે પ્રકૃતિનું સાંનિધ્ય છોડીને હું કાંઈ પણ કરવા તૈયાર નથી —જનસેવા કે વેદાધ્યયન પણ નહીં. પ્રકૃતિને છોડીને બીજું કાંઈ પણ સ્વીકારવાની મારી તૈયારી નથી. ક્યાંય પણ ખુલ્લી હવામાં જાઉં છું, પહાડ, નદી, આસમાન તરફ જોઉં છું, તો મારા અંતર્ગત ભાવ ખૂલી જાય છે. ત્યારે આપણું દિલ ખુલ્લું હોય, તો ભગવદ્ભાવ, સદ્ભાવ સહેજે દિલમાં પ્રવેશી શકે છે.

પ્રકૃતિ આપણી મિત્ર છે. ખૂબ વરસાદ પડે, તો માનવું જોઈએ કે આપણો મિત્ર આપણને મળવા આવ્યો છે. ધોમધખતો તડકો હોય, તો પણ આવું જ માનવું જોઈએ. તડકાથી માટી તપશે અને પછી તેના પર વરસાદ વરસશે, તો સરસ ફસલ આવશે. ધરતી ઉપર તડકો ન પડે, તો કેવળ પાણીથી ફસલ નહીં આવે. આવી જ રીતે આપણું શરીર પણ માટી છે, તેને સૂર્યનારાયણનો સ્પર્શ થવો જોઈએ. આ બધા આપણા મિત્ર છે, અને મિત્રરૂપે જ આપણે એમનું સ્વાગત કરવું જોઈએ. કસાયેલું જીવન જ મધુર જીવન છે.

મારી પદયાત્રા દરમ્યાન મારે મહારાષ્ટ્રમાં અક્રાણી મહાલ જવાનું થયું. એ ચોમાસાના દિવસો હતા.લોકો કહેવા લાગ્યા કે ત્યાંનું ચોમાસું તો બહુ ભારે ! ત્યારે ત્યાં નદી-નાળાં, જીવ-જંતુ વગેરેનો ભારે ભય રહે છે. બહુ મુસિબત પડે. મેં કહ્યું, છેવટે ત્યાં માણસો રહે છે કે નહીં ? જો તેઓ રહેતા હોય, તો મને શો વાંધો ? હું ત્યાં ચોમાસામાં જ અવશ્ય જઈશ, ભલે ગમે તેવી મુસિબત વેઠવી પડે.

માટે પ્રકૃતિ તો આપણી મિત્ર છે. આપણી આસપાસની સમસ્ત સૃષ્ટિ આપણી દુશ્મન નહીં, મિત્ર જ છે. તેનાથી કદી ડરવાનું હોય નહીં. હવા, પ્રકાશ, તડકો વગેરેનું ખુલ્લા દિલથી હમેશાં સ્વાગત કરવું. પ્રકૃતિની ગોદમાં નિશ્ચિંત બનીને જીવવું. આ નિસર્ગાત્મક વિભૂતિઓ છે, તે ચિરંતન છે.

## નદી — ઈશ્વરની વહેતી કરુણા

આ દેશમાં આપણે લોકો નદીઓને માતા માનીએ છીએ. આપણી કન્યાઓનાં નામ પણ ગંગા, જમના, ગોદાવરી વગેરે નદીઓનાં નામ પરથી રાખીએ છીએ. આપણે ત્યાં પાણી પ્રત્યે એટલી વિલક્ષણ શ્રદ્ધા છે કે જ્યાં-જ્યાં નદીઓ છે, ત્યાં આપણે તીર્થક્ષેત્ર ઊભાં કરી દીધાં છે. વૈદિક ઋષિઓને પહાડો ને પર્વતોથી સ્વચ્છ જલધારાઓ લઈને કલકલ કરતી દોડી આવતી નદીઓને જોઈ, પોતાનાં વાછરડાંઓ માટે દૂધ ભરેલાં આંચળો સાથે દોડી આવતી વત્સલ ગાયોની યાદ આવી જાય છે. ઋષિ નદીને કહે છે, ''હે દેવી ! દૂધ જેવાં પવિત્ર, પાવન, મધુર જળ લાવનારી તું ધેનુ જેવી છે. જેમ ગાય વાછરડાંને છોડીને જંગલમાં નથી રહી શકતી, તેમ તમે નદીઓ પણ પર્વતોમાં નથી રહી શકતી. તમે તરસ્યાં બાળકોને મળવા એકદમ દોડી આવો છો.

નદી ઈશ્વરની વહેતી કરુણા છે, અને ઈશ્વરની કરુણા સહુને સમાન રૂપે ઉપલબ્ધ છે. નદીઓ માટે આપણા દેશમાં અત્યંત પ્રેમ ને આદર રહ્યો છે. પુરાતન ગ્રંથોમાં એવા આશયનાં વાકયો જોવા મળે છે કે નદીનું પાણી ગંદું કરવું એ પાપ છે. નદીને *'લોકમાતરઃ'* કહી છે, લોકમાતા કહી છે. ''તમે માતા છો. પ્રેમાળ માતા સર્વોચ્ચ સ્તનપાન કરાવે છે, એવી જ રીતે હે દેવી, તમે અમને શિવતમ રસ દો !'' શિવતમ એટલે અત્યંત શિવ, કલ્યાણકારી. શિવતમ રસ ઈશ્વરનો જ રસ છે. આવડી મોટી સંજ્ઞા નદીઓના જળને આપવામાં આવી છે.

### જળની નિર્મળતા ને સ્વચ્છતા જાળવવી, એ ધર્મકાર્ય

પાણીમાં અખંડ પ્રવાહ, પરોપકાર, કરુણા, ઉદારતા, શીતલતા આદિ ઘણા ગુણ જોવા મળે છે. ગમે તેવો સંતપ્ત માણસ, ઠંડા જળમાં સ્નાન કરતાં જ શાંતિ પામે છે, પ્રસન્નતા પામે છે. સંસ્કૃતમાં 'પ્રસન્ન' શબ્દ નિર્મળના અર્થમાં વાપરવામાં આવે છે. સ્વચ્છ પાણીને *'પ્રસન્નં જલમ્'* કહે છે. જેમ કે સિંહગઢની દેવટંકીનું પાણી. ઉપરથી કાંકરો નાખીએ, તો ઠેઠ નીચે તળિયે પહોંચે ત્યાં સુધીની તેની આખીયે યાત્રા સાફ-સાફ જોવા મળે છે. પ્રસન્નતાનો અર્થ છે, આવી નિર્મળતા અને પારદર્શકતા. પાણી આવું નિર્મળ અને પારદર્શક છે. મળ પાણીની બહારની વસ્તુ છે. તેનો રંગ પાણી પર ચઢ્યો કે પાણી મટમેલું થયું. પાણી જ્યારે તેના અસલ સ્વરૂપમાં હોય છે, ત્યારે રંગહીન હોય છે, નિર્મળ ને નીતર્યું હોય છે, પ્રસન્ન હોય છે.

આપણા શાસ્ત્રકારોએ જળાશયોની પવિત્રતા બાબત ઘણા નિયમો બનાવ્યા હતા. પરંતુ આજે આમાંના એકેયનો અમલ નથી થઈ રહ્યો. ગંગાથી કાવેરી સુધી એક પણ નદી એવી નથી, જેનું જળ પ્રદૂષિત ન થયું હોય, અને જેના કિનારે લોકો શૌચ માટે ન બેસતા હોય. આ સંજોગોમાં જળની સ્વચ્છતા ને નિર્મળતા માટે ફરી જબ્બર પુરુષાર્થ કરવાની જરૂર છે. આ એક ધર્મકાર્ય મનાવું જોઈએ.

આવી નદીઓ. આપણે એમને પવિત્ર માની છે, પાવનકારી માની છે. કેવી પાવન ગંગા! હું કાશીમાં હતો, ત્યારે ગંગાકિનારે જઈને બેસતો. રાતે એકાંત સમયે જઈને ગંગાકાંઠે બેસતો. કેટલો સુંદર અને પ્રસન્ન ગંગાનો પ્રવાહ હતો! તેનો એ ભવ્ય-ગંભીર પ્રવાહ અને તેમાં પ્રતિબિંબિત થતા આકાશના એ અનંત તારા! હું મુગ્ધ થઈ જતો. ગંગાના દર્શનથી મને જે અપાર શાંતિ મળતી, તેનું વર્ણન હું કેવી રીતે કરું? ગંગારૂપે પરમેશ્વરની કરુણા જ વહી રહી છે. ગંગામાતામાં જો પરમેશ્વર પ્રગટ સ્વરૂપે ન દેખાતો હોય, તો પછી એ તમને કયાં દેખાશે? સૂર્ય, નદીઓ, વિશાળ સાગર એ બધી પરમેશ્વરની જ વિભૂતિઓ છે.

## વાયુ-આકાશ-સૂરજ-તારિકાઓ-વૃક્ષો સાથે ઘનિષ્ઠ નાતો

અને એ પવન! કયાંથી આવે છે અને કયાં જાય છે, કાંઈ ખબર નથી. જાણે ભગવાનનો દૂત જ છે! હિંદુસ્તાનમાં કેટલાક વાયુ સ્થિર હિમાલય પરથી આવે છે, કેટલાક ગંભીર સાગર પરથી. આ પવિત્ર વાયુ આપણા હૃદયને સ્પર્શે છે, આપણને જાગૃત કરે છે, આપણા કાનોમાં ગુંજે છે. પરમેશ્વરનો પ્રેમભર્યો સંદેશ આ વાયુ સાથે હર ઘડી આવી રહ્યો છે. ઋગ્વેદમાં આપણા પ્રદેશની સીમા સિંધુથી પરાવત સુધીની માની છે. સિંધુ એટલે દક્ષિણ મહાસાગર અને પરાવત એટલે હિમાલયની ગુફા. એક હિમાલય તરફથી અને બીજો સિંધુ તરફથી, એમ બે વાયુ આ ભારતભૂમિ પર વહે છે.

આવું જ નીલવર્ણ આકાશ છે. આકાશનો નીલ વર્ણ અવિરોધ-વૃત્તિનો સૂચક છે. આ નીલ વર્ણ આંખોને શાંતિ આપે છે. આકાશની આ શાંત વૃત્તિને કારણે આકાશને શૂન્ય નામ પણ આપવામાં આવ્યું છે. એમ પણ કહ્યું છે કે રામનું રૂપ નભ સમાન છે. આ જ આકાશમાં જ્યારે મેઘનું આગમન થાય છે, ત્યારે મેઘના દર્શનથી હૃદય ભરાઈ જાય છે. નિસર્ગની આ બધી વિવિધ ઘટનાઓ પ્રત્યે માણસ ઉદાસીન રહી શકે નહીં.

આપણે ત્યાં વૈદિકકાળથી સંધ્યા-ઉપાસના ચાલી આવે છે. ખાસ કરીને સૂર્ય સાથે તેનો સંબંધ જોડાયેલો છે. આપણી અને સૂર્ય વચ્ચે એક નાતો છે. ઉપનિષદમાં એક વાક્ય આવે છે કે સૂર્યનાં કિરણો નાડીઓના માર્ગે હૃદયમાં પહોંચે છે. સૂર્ય અને હૃદય વચ્ચે એક રાજમાર્ગ બનેલો છે અને તે દ્વારા અહીંથી ત્યાં આવજા થઈ શકે છે. જેમ સૂર્યકિરણો હૃદય સુધી પહોંચી શકે છે, તેમ હૃદય પણ સૂર્ય સુધી પહોંચી શકે છે. આનો અનુભવ મને તો થાય જ છે. મને ન કેવળ સૂર્ય બાબત આવો અનુભવ થાય છે, બલ્કે તારિકાઓ બાબતમાંયે આવો જ અનુભવ આવે છે. રાતે આકાશ-દર્શન કરતી વખતે એવો અનુભવ થાય છે કે તારિકાઓ અને આપણી વચ્ચેયે કોઈક રસ્તો બનેલો છે.

આવો જ નાતો માણસનો વૃક્ષો સાથે પણ છે. જ્યાં સુધી વૃક્ષોનો સંબંધ છે, મારું માનવું છે કે કેટલાંક વૃક્ષોમાં ચેતના સુપ્ત છે અને કેટલાંક વૃક્ષો સમાધિસ્થ હોય છે. કયું વૃક્ષ સમાધિસ્થ છે, તે જાણવું મુશ્કેલ છે. જે વૃક્ષ નીચે બેસીને ગૌતમ બુદ્ધને

બોધિ પ્રાપ્ત થઈ, તે એ સમાધિસ્થ વૃક્ષનું પરિણામ હતું, એમ મારું માનવું છે. જો કે આ તો કલ્પનાની બાબત છે. પરંતુ વૃક્ષ પણ ઉપાસનાનું સાધન તો છે જ. બહેનો વટ-સાવિત્રીના દિવસે વટવૃક્ષની જે પૂજા કરે છે, તે એક સારી ઉપાસના છે. વૃક્ષને આપણે પાણી પાયું, તે તેની પૂજા જ થઈ.

## સૃષ્ટિ —અન્નનો ભંડાર અને બોધનો ખજાનો

આમ, સૃષ્ટિ સાથે આપણો ગાઢ નાતો છે. આપણે એક વિશ્વવ્યાપક શક્તિની ગોતમાં છીએ, એવી અનુભૂતિ આપણને થવી જોઈએ. માની ગોદમાં બાળક કેવું નિશ્ચિંત હોય છે ! એ વખતે જાણે એ દુનિયાનો બાદશાહ હોય છે. તમે ને હું પણ એવી જ રીતે વિશ્વંભર સૃષ્ટિમાતાની ગોદમાં પ્રેમ, વિશ્વાસ ને જ્ઞાનપૂર્વક જીવવાનો અભ્યાસ કરીએ. જે શક્તિના આધારે મારું આ આખું જીવન ચાલી રહ્યું છે, તે શક્તિનો મારે વધુ ને વધુ પરિચય કરી લેવો જોઈએ. તે શક્તિની મને ઉત્તરોત્તર દઢ પ્રતીતિ થવી જોઈએ. જેમ જેમ મને તે શક્તિનો અનુભવ થતો જશે, તેમ તેમ મારો વિકાસ થતો જશે.

માણસ સૃષ્ટિનો જ એક ભાગ છે, અને સ્રષ્ટાનો એક અંશ છે. સૃષ્ટિ દ્વારા માણસના દેહનું ધારણ-પોષણ થાય છે, અને સૃષ્ટિ દ્વારા જ તેના હૃદયને પણ પોષણ મળે છે. સૃષ્ટિ એ માણસ માટે અન્નનો ભંડાર છે અને બોધનો ખજાનો છે. માણસ સૃષ્ટિમાંથી સીધો બોધ ગ્રહણ કરી શકે છે, અને આજ સુધી એ એમ કરતો આવ્યો છે. સૃષ્ટિના સાંનિધ્યથી ચિત્તની શુદ્ધિ થઈ શકે છે. માટે આપણે સમગ્રતામાં સમસ્ત વિશ્વને ઈશ્વરના રૂપમાં જોવું અને તેમાં તન્મય થઈ જવું. સૃષ્ટિ સાથે માણસનો આવો આત્મીય નાતો છે.

# ૩

# સૃષ્ટિ ચેતનમય છે

### આ અનંત અનંત બ્રહ્માંડ !

**એ**ક જ પ્રકારના કાગળ ઉપર એક જ પીંછીથી ચિત્રકાર જાતજાતનાં ચિત્રો દોરે છે. સિતારનો બજવૈયો સાત સ્વરોમાંથી જ અનેક રાગ રેલાવે છે. સાહિત્યમાં માત્ર બાવન અક્ષરોની મદદથી આપણે વિવિધ ભાવનાઓ અને વિચારો પ્રગટ કરીએ છીએ. આવું જ આ સૃષ્ટિમાંયે છે. સૃષ્ટિમાં અનંત વસ્તુઓ અને અનંત વૃત્તિઓ જોવા મળે છે, પણ આ આખીયે અંતર્બાહ્ય સૃષ્ટિ એક જ અખંડ આત્માના અને એકની એક અષ્ટધા પ્રકૃતિના બેવડા મસાલામાંથી નિર્માણ થઈ છે. આ બધું યે એક જ ચૈતન્ય શક્તિનો ખેલ છે. આ બધાના મૂળમાં એક જ ચૈતન્ય ભર્યું છે.

વેદમાં એક સૂકત આવે છે, જેનું નામ છે અઘમર્ષણ સૂક્ત યાને પાપ-મોચન, પાપનો નાશ કરનારું સૂકત. તેના વિશે મનુએ કહ્યું છે કે બધાં પાપનાશક સાધનોનો રાજા છે આ અઘમર્ષણ સૂક્ત. તેનો જપ સમસ્ત પાપોનો નાશ કરવાને સમર્થ છે.

આ અઘમર્ષણ સૂક્ત માત્ર ત્રણ મંત્રોનું છે. તેમાં કહ્યું છે, અનાદિ કાળમાં ઋત અને સત્ય હતું. તેમાંથી સૂર્ય અને ચંદ્ર ઉત્પન્ન થયા અને પછી બધા જીવ પેદા થયા. સંવત્સર બન્યો, રાત્રિ બની અને માણસ વગેરે બન્યા. બસ, આટલું કહીને સૂક્ત સમાપ્ત થઈ જાય છે, આગળ કાંઈ જ નહીં ! આ સૂક્તમાં કેવળ આટલું જ જણાવ્યું છે કે આ સૃષ્ટિ કેવી છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા આદિ સૃષ્ટિની વ્યાપકતા આપણી સામે દર્શાવીને સૂક્તના રચયિતા ઋષિનું કહેવાનું તાત્પર્ય એટલું જ જણાય છે કે જો માણસની દૃષ્ટિ વ્યાપક થઈ, તો એ બધાં પાપોથી મુક્ત થઈ જશે.

આજે હવે આ વ્યાપકતા વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે, રેડિયો-એસ્ટ્રોનોમીને કારણે. રેડિયો-એસ્ટ્રોનોમી બાબત ક્યાંય કાંઈ પણ વાંચવાનું મળે, તો હું વાંચ્યા વિના રહેતો નથી. કેમ કે તેમાં અત્યંત વ્યાપક કલ્પના આપણી સામે આવે છે. કેટલાક તારા તો કેટલાંયે લાખ પ્રકાશ-વર્ષ દૂર છે અને તેય કરોડોની સંખ્યામાં ! એમનામાં નિત્ય નિરંતર સ્ફોટ થતા રહે છે, જેને આણવિક વિસ્ફોટ કહે છે.

આ આખી અનંત સૃષ્ટિની કલ્પના એક બાજુ છે, તો બીજી બાજુ આપણે કેટલા અલ્પ છીએ ! આ શરીરની દૃષ્ટિએ જ વિચાર કરીએ, તો આપણે કેટલા ક્ષુદ્ર છીએ ! આપણું

આયુષ્ય કેટલું, તેનો વિચાર કરીએ, તો તેની ક્ષુદ્રતાનું ભાન થયા વિના રહેતું નથી. પરિણામે માણસના ચિત્તમાં અહંકાર રહી જ નથી શકતો. તેનાથી પછી પાપ નહીં થાય.

### બ્રહ્માંડમાં છે, તે બધું જ પિંડમાંયે છે

વળી, આ સૂક્ત દ્વારા આપણને એ વાતનું યે ભાન થાય છે કે આત્મિક દૃષ્ટિએ આપણે આટલા બધા વ્યાપક ને વિશાળ છીએ, આપણું સ્વરૂપ ચૈતન્યમય છે. આ આખીયે સૃષ્ટિમાં સર્વત્ર એક જ આત્મા વિલસી રહ્યો છે. આપણો પિંડ પણ બ્રહ્માંડનું જ પ્રતિબિંબ છે. બ્રહ્માંડમાં જે દિવ્ય શક્તિઓ છે, તે શક્તિઓ ઇન્દ્રિયો આદિના રૂપમાં પિંડમાં ઊતરે છે. આપણું આખું શરીર બ્રહ્માંડનું બનેલું છે. બ્રહ્માંડમાં જે કાંઈ છે, તે આપણા શરીરમાંયે મોજૂદ છે. ત્યાં સુધી કે બહાર જે સોનાની અને લોખંડની ખાણો છે, તે પણ આપણા શરીરમાં મોજૂદ છે. યાને આપણા લોહી આદિમાં જે ધાતુઓ પડી છે, તેમાં લોઢું પણ છે, તાંબું પણ છે અને સુવર્ણ પણ છે. આ બધી ચીજો બ્રહ્માંડમાં છે, તે પિંડમાં પણ પડી છે. શરીર જ બ્રહ્માંડનું બનેલું છે.

તદુપરાંત બ્રહ્માંડમાં પરિશુદ્ધ ચેતન વ્યાપ્ત છે. પિંડમાંયે પરિશુદ્ધ ચેતનનો અંશ છે. આપણે છીએ, તેમાં પિંડ ઉપરાંત પણ કાંઈક છે. પિંડને ઓળખનારું કોઈક 'કોન્શિયસનેસ' —કોઈક ચેતન તત્ત્વ છે. એવી જ રીતે સૃષ્ટિમાંયે એક વ્યાપક 'કોન્શિયસનેસ' —એક વ્યાપક પરિશુદ્ધ ચેતન છે. આ પરિશુદ્ધ ચેતન જ પરમાત્મા છે. પિંડના ચેતનનો આ વ્યાપક પરિશુદ્ધ ચેતન સાથે સંબંધ આવવાથી આ ચેતન શુદ્ધ થાય છે.

### વિચાર છે, આયોજન છે, તો ચૈતન્ય હોવું જ જોઈએ

જેમ્સ જીન્સે એક પુસ્તક લખ્યું છે —'મિસ્ટિરિઅસ યુનિવર્સ' (રહસ્યમય વિશ્વ). એ ગણિતજ્ઞ હતો. એક ગણિતજ્ઞની દૃષ્ટિએ જ તેણે સૃષ્ટિ તરફ જોયું. એ કાંઈ બ્રહ્મવાદી નહોતો, પરંતુ અંતમાં એ એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યો કે સંભવતઃ આખી સૃષ્ટિમાં કાંઈક વિચાર છે, કાંઈક આયોજન છે.

બરાબર આ જ વાત 'બ્રહ્મસૂત્ર'માં કહેવામાં આવી છે. ત્યાં આપણે ત્યાંના સાંખ્યોને ઉત્તર આપવામાં આવ્યો કે તમે જડ પ્રકૃતિનું અનુમાન કરો છો, પણ તે અનુમાન બરાબર નથી, કેમકે તે દૃષ્ટિએ જોવાથી વિશ્વની રચના સમજાવી નથી શકાતી. સૃષ્ટિની રચના તરફ આપણે ઝીણવટથી જોઈએ છીએ, તો જડ પ્રકૃતિનું અનુમાન ઠીક નથી લાગતું, માટે ચૈતન્યનું જ અનુમાન કરવું પડશે.

આપણે ત્યાં કપિલમુનિએ સૃષ્ટિ રચનાના મૂળ તત્ત્વની ખોજ કરી હતી. એમનું સાંખ્યશાસ્ત્ર સૃષ્ટિ સાથે સંબંધિત છે. સાંખ્યનો મૂળ સિદ્ધાંત છે, કાર્ય-કારણની અભિન્નતા. કારણનું મૂળ તત્ત્વ કાર્યમાં રહે જ છે, ચાહે તેમાં કાંઈક નવીન ગુણ ભલે આવી જાય. દાખલા તરીકે સુવર્ણ અને કંકણ. કંકણ કાર્ય છે, સુવર્ણ કારણ છે. કંકણનો આકાર ભલે સુવર્ણથી ભિન્ન હોય, સુવર્ણના મૂળ ગુણ તો તેમાં રહેશે જ. સાંખ્યોની ભાષામાં સુવર્ણ પ્રકૃતિ છે. સાંખ્ય કારણને પ્રકૃતિ કહે છે. એમના મત મુજબ મૂળ પ્રકૃતિ ત્રિગુણાત્મક છે.

સાંખ્યકાર કહે છે કે સૃષ્ટિમાં સ્થિતિ, ગતિ અને પ્રકાશ સિવાય બીજું કશું નથી.

સ્થિતિ અને ગતિ વિશ્વમાં વિદ્યમાન રહે જ છે, અને તેની સાથે તેમાં જ્ઞાન હોય છે, એ જ પ્રકાશ છે. સ્થિતિ એટલે તમોગુણ, ગતિ એટલે રજોગુણ. અને આ બે ગુણો ઉપરાંત સૃષ્ટિમાં બુદ્ધિ (purpose) છે, જે સત્ત્વગુણ છે. સૃષ્ટિની અંતર્ગત બુદ્ધિ છે, અને સાંખ્ય તેને 'મહત્' કહે છે. સૃષ્ટિમાં બુદ્ધિતત્ત્વનો પ્રવેશ, એ સાંખ્યોની મોટી ખોજ છે. સૃષ્ટિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને કપિલમુનિ બુદ્ધિ કે મહત્ તત્ત્વ સુધી પહોંચ્યા હતા.

પરંતુ કપિલનું સાંખ્ય બુદ્ધિ સુધી આવીને અટકી ગયું. હવે, જ્યારે બુદ્ધિ છે, ત્યારે તેને આધાર હોવો જ જોઈએ. જડ વસ્તુને શું બુદ્ધિ હોઈ શકે ? સૃષ્ટિમાં બુદ્ધિ છે એટલા વાસ્તે તેને ચૈતન્યના આધારની આવશ્યકતા છે. બુદ્ધિની પાછળ ચૈતન્યની કલ્પના કરવી જ પડે છે. એને જ 'સેશ્વર સાંખ્ય' કહે છે. ગીતા આવી તે પહેલાં સાંખ્યમાં ઈશ્વર દાખલ નહોતો થયો. જેમણે સાંખ્યશાસ્ત્રમાં ઈશ્વરનો પ્રવેશ કરાવી દીધો, તેમણે સાંખ્યશાસ્ત્રની સીમા પાર કરી જઈને વેદાંતની સીમામાં પ્રવેશ કર્યો. સાંખ્યશાસ્ત્રને આપણે 'ફિઝિક્સ' (વિજ્ઞાન) કહી શકીએ અને વેદાંતને 'મેટાફિઝિક્સ' (તત્ત્વજ્ઞાન). ચીજ કેવી છે, તે જાણવું વિજ્ઞાનનું કામ છે અને શા માટે છે, તે જાણવું અધ્યાત્મ કે તત્ત્વજ્ઞાનનો વિષય છે. બુદ્ધિ શા માટે છે ? કેમ કે તેની પાછળ કોઈક ચૈતન્ય છે. તો આ વિષય સાંખ્યનો ન રહેતાં વેદાંત કે તત્ત્વજ્ઞાનનો થઈ ગયો.

## કપિલમુનિએ વૈજ્ઞાનિક વૃત્તિ આપી

કપિલમુનિનું સૃષ્ટિ-વિજ્ઞાન આજે પણ દુનિયામાં અદ્વિતીય છે. આઇન્સ્ટાઇને હાલમાં પ્રતિપાદિત કરેલો અર્વાચીન સૃષ્ટિ-સિદ્ધાંત હજી તેની નિકટ નથી પહોંચી શકતો. કપિલે આપણને વૈજ્ઞાનિક વૃત્તિ આપી. તે એમની સૌથી મોટી દેણ છે. આવી વૈજ્ઞાનિક વૃત્તિના અભાવમાં વિચારોની પ્રગતિની બાબતમાં યુરોપમાં વિના કારણ કેટલી બધી દુર્દશા થઈ છે અને વિચારકોની બેહદ પજવણી થઈ છે ! ત્યાં વિચારોની સહિષ્ણુતા ન રહી. કપિલમુનિએ પોતાના દર્શનમાં ક્યાંય નરી શ્રદ્ધા અથવા બુદ્ધિવિહીન શ્રદ્ધાને સ્થાન નથી આપ્યું. આવી વૈજ્ઞાનિક વૃત્તિનો આપણા સમસ્ત ગ્રંથો પર પ્રભાવ પડ્યો છે. વિજ્ઞાનીઓ જેવો વિચાર-વિનિમય કરે છે, તેવી આત્માની ચર્ચા ઉપનિષદોએ કરી છે. પ્રાચીન ભારતમાં આવું વિચાર-સ્વાતંત્ર્ય હતું. આસ્તિકો અને નાસ્તિકો વચ્ચે પણ પરસ્પર પ્રેમપૂર્વક વિચાર-વિનિમય થતો. કપિલમુનિની દીધેલી આવી વૈજ્ઞાનિક વૃત્તિના પ્રભાવને કારણે જ આપણે ત્યાં વિચાર પ્રગટ કરવામાં કોઈ પ્રકારનો અંધવિશ્વાસ, અંધશ્રદ્ધા કે ધર્મની રુકાવટ નહીં રહી.

## ગીતાએ સમન્વય કરીને જીવનનું યોગશાસ્ત્ર રચ્યું

આમ, આપણે ત્યાં વેદ, ઉપનિષદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, ચિંતનશાસ્ત્ર વગેરે વિકસ્યાં; અને તે ઉપરાંત સંગીત, જ્યોતિષ, ગણિત, આયુર્વેદ વગેરે અનેક વિદ્યાઓનોયે વિકાસ થયો. આપણા સમાજમાં શાસ્ત્રો, વિચારો અને વિદ્યાઓની આટલી બધી પ્રચુરતા હતી. પરંતુ આવી રીતના વિવિધ વિચારો અને સિદ્ધાંતો અલગ-અલગ પડ્યા રહે, તો એમનામાં પરસ્પર વિરોધ, એકાંગિતા કે નિરુપયોગિતાના દોષ પણ આવી શકે છે. એટલે એમના સમન્વયનું કામ થવું જરૂરી બને છે. અને આ કામ ગીતાએ કર્યું. ગીતાએ આ બધાનો સમન્વય એવી

ખૂબીથી કર્યો કે ગીતાની વાત બધાને માન્ય થઈ શકી. રસોઈનાં બધાં સાધનો હાજર હતાં, પણ રસોઈ બનાવવાનું કામ બાકી હતું. ગીતાએ રસોઈ બનાવવાનું કર્યું. સમસ્ત સાધનાઓનો સમન્વય કરીને તેમનો જીવનમાં વિનિયોગ કરવાનો મેળ ગીતાએ બેસાડ્યો. આપણે ત્યાંના આધ્યાત્મિક સાહિત્યમાં જે વૈવિધ્ય અને વૈભવ હતો, તેનો સમન્વય કરીને આધ્યાત્મિક જ્ઞાનને પ્રત્યક્ષ જીવનમાં ઉપયોગમાં લાવવાનું યોગશાસ્ત્ર ગીતાએ વિકસિત કર્યું. તેને *'બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્ર'* કહ્યું છે. ગીતાનું યોગશાસ્ત્ર applied (વિનિયોગયુક્ત) બ્રહ્મવિદ્યા છે. ગીતાએ બ્રહ્મવિદ્યા બતાવી અને તે અનુસાર જીવન જીવવાનું શાસ્ત્ર પણ બનાવ્યું.

ગીતાએ ઉપનિષદોનું આત્મજ્ઞાન લીધું છે અને ધર્મશાસ્ત્રનો કર્તવ્ય સિદ્ધાંત લીધો છે. તે બંનેનો સમન્વય કરીને ગીતાનું સાંખ્યશાસ્ત્ર રચાયું છે. સ્વધર્મનું નિરંતર અનુષ્ઠાન અને આત્માની અલિપ્તતા —આને ગીતા સાંખ્ય-બુદ્ધિ કહે છે. ગીતાની સાંખ્ય-બુદ્ધિનો કપિલના સાંખ્યશાસ્ત્ર સાથે કોઈ સંબંધ નથી. સાંખ્યનો અર્થ છે, સિદ્ધાંત. કપિલનું સાંખ્ય સૃષ્ટિના સ્વરૂપનો સિદ્ધાંત છે, અને ગીતાનું સાંખ્ય જીવનના સ્વરૂપનો સિદ્ધાંત છે. જીવનના સિદ્ધાંત અમલમાં મૂકવાની હથોટી અથવા યુક્તિને જ યોગ કહે છે. ગીતા સાંખ્ય ને યોગ, શાસ્ત્ર ને કળા બંને વડે પરિપૂર્ણ છે. શાસ્ત્ર ને કળા બંને મળીને જીવનનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. ગીતાની (નિર્ગુણ) સાંખ્યબુદ્ધિ, (સગુણ) યોગબુદ્ધિ અને (સાકાર) સ્થિતપ્રજ્ઞ મળીને સંપૂર્ણ જીવનશાસ્ત્ર બને છે.

## સૃષ્ટિ-રચનાનો સાર

ટૂંકમાં, સૃષ્ટિ-રચના અંગે આપણે ત્યાં જે બધું ચિંતન થયું છે, તેનો સાર એ છે કે સૃષ્ટિમાં ચૈતન્ય છે, બુદ્ધિ છે, કાંઈક વિચાર છે. કાંઈક આયોજન છે, વ્યવસ્થા છે. *'ધેર ઇઝ એન ઑર્ડર ઇન ધ યુનિવર્સ'*. સૃષ્ટિમાં વ્યવસ્થા છે. તેનો અર્થ એ કે તમે – હું જે કાંઈ કરીએ છીએ, તે બધું માત્ર આપણી જ યોજનાથી કરીએ છીએ, એવું નથી. કોઈક બીજી યોજનાયે છે, તે અનુસાર પણ બધું થાય છે.

આનો એક દાખલો હું આપતો હોઉં છું. હું ૧૯૪૫માં સિવની જેલમાં હતો. ત્યાં આંગણામાં ઘાસ ઉગાડીને ૧૯૪૫નો આંકડો બનાવેલો હતો. પછીના વરસે પાંચની જગ્યાએ છનો આંકડો બનાવ્યો હશે. આનું દૃષ્ટાંત દઈને હું કહું છું કે આ ઘાસમાં જે તણખલાં છે, એમનું પોતપોતાનું પ્રયોજન છે ખરું; તેમ છતાં બધું મળીને સરવાળે એ બધાં તણખલાંઓનું પ્રયોજન ૧૯૪૫નો આંકડો બનાવવાનું છે. તે તણખલાં આ જાણતાં નથી. તણખલાં તો આવે છે અને જાય છે. પરંતુ તે સહુનું મળીને એક પ્રયોજન છે કે જેલમાં કઈ સાલ ચાલી રહી છે, તે દર્શાવવામાં આવે. આ પ્રયોજન જેલર જાણે છે. આવી જ રીતે વિશ્વમાંયે ચાલે છે. આપણે બધાં એ તણખલાંઓ જેવાં છીએ. આપણે જાણતા નથી કે આ સૃષ્ટિમાં આપણું શું પ્રયોજન છે. આપણે તો પોતપોતાનું પ્રયોજન જ જોઈએ છીએ. પરંતુ કાંઈક વિશેષ પ્રયોજન પણ છે, જેને લીધે સૃષ્ટિકર્તાએ આપણને પેદા કર્યા છે. તે પ્રયોજન આપણે ભલે ન જાણતા હોઈએ, પરંતુ એટલું માનવું પર્યાપ્ત થશે કે વિશ્વમાં વ્યવસ્થા છે, રચના છે અને બુદ્ધિ છે. આટલી શ્રદ્ધા આપણને હોવી જોઈએ, અને આ સૃષ્ટિના નિયમાનુસાર જ આપણે ચાલવું જોઈએ.

# ૪

# માણસનું યજ્ઞમય ત્રિવિધ કર્તવ્ય

**આ** સૃષ્ટિ ક્ષર છે, એટલે કે નાશવંત છે. આ 'ક્ષર' હોવામાં ભારે અર્થ સમાયેલો છે. સૃષ્ટિનું એ દૂષણ નહીં, ભૂષણ છે. તેને લીધે સૃષ્ટિમાં નિત્ય નૂતનતા છે. કાલનાં ફૂલ આજે કામનાં નહીં. તે નિર્માલ્ય થઈ ગયાં. સૃષ્ટિ નાશવંત છે, તે મોટા ભાગ્યની વાત છે. આ નાશવંતપણાને લીધે જ સૃષ્ટિનું સૌંદર્ય છે, સૃષ્ટિનો વૈભવ છે.

## ક્ષતિપૂર્તિનું વિશેષ કર્તવ્ય

પરંતુ આને લીધે માણસ માટે એક વિશેષ કર્તવ્ય ઊભું થાય છે. માણસ સૃષ્ટિ પાસેથી હમેશાં લેતો રહે છે અને સૃષ્ટિ નિરંતર આપણને આપતી રહે છે. તેને લીધે સૃષ્ટિની ક્ષતિ થતી રહે છે. આ ક્ષતિની માણસે કાયમ પૂર્તિ કરતા રહેવું જોઈએ. નહીં તો આપણને જ નુકસાન થવાનું છે.

આ વાત બરાબર સમજી લેવા જેવી છે. આ માણસની વિશેષતા છે. અન્ય પ્રાણીઓ સૃષ્ટિ પાસેથી લે છે, પણ નવું ઉત્પન્ન કરવાનું સામર્થ્ય એમનામાં નથી. જ્યારે માણસ સૃષ્ટિ પાસેથી માત્ર લઈને બેસી રહેતો નથી, તે સૃષ્ટિને પાછું પણ વાળે છે અને સૃષ્ટિની મદદથી નવું ઉત્પન્ન પણ કરે છે. માણસ સૃષ્ટિની સેવા કરી શકે છે. જો આપણે સૃષ્ટિ પાસેથી લઈએ છીએ, તો આપણે સૃષ્ટિની સેવા પણ કરવી જોઈએ. સૃષ્ટિ તો ઉદાર છે. આપણે તેની સેવા નહીં કરીએ તો પણ એ તો આપતી જ રહેશે. પરંતુ તેનાથી તેની શક્તિ ક્ષીણ થતી જશે, તેની શક્તિનો હ્રાસ થતો જશે, ક્ષય થતો જશે, અને તેની સાથોસાથ આપણોયે ક્ષય થતો જશે. કેટલાંયે પ્રાણીઓનાં આવાં ઉદાહરણો છે. એમણે પહેલાં સૃષ્ટિ પાસેથી લીધા જ કર્યું, લીધા જ કર્યું, અને એ રીતે સૃષ્ટિનો હ્રાસ કર્યો, ક્ષય કર્યો, અને પછી તેઓ પોતે નષ્ટ થઈ ગયાં. એટલા વાસ્તે આપણે સૃષ્ટિ પાસેથી માત્ર લેતા જ રહેવાનું નથી, તેને પાછું પણ વાળવાનું છે, અને એ રીતે સૃષ્ટિની થતી રહેતી ક્ષતિની પૂર્તિ કરતા રહેવાની છે. સર્વ પ્રાણીઓમાં માત્ર માણસ જ આ કરી શકે છે અને આ જ તો માણસની વિશેષતા છે.

## ઉપરાંત, શુદ્ધિકરણ અને નવનિર્માણ

માણસ સૃષ્ટિ પાસેથી લાકડું, લોઢું, પાણી વગેરે અનેક ચીજો લે છે. ઝાડપાન, ફળફૂલ, અનાજ વગેરે ઉગાડીને ધરતીની માટીમાંથી પોષણ મેળવે છે. આ રીતે એ સૃષ્ટિનો નિરંતર ક્ષય કરે છે. નિર્મળ વાયુ પોતાના શરીરની અંદર લઈને અશુદ્ધ વાયુ બહાર કાઢે છે. તેને લીધે પોતાની આસપાસની સૃષ્ટિને અશુદ્ધ કરે છે. આ સૃષ્ટિને આપણે રોજ વાપરીએ છીએ. સો માણસ એક ઠેકાણે રહે, તો બીજે દિવસે ત્યાંની સૃષ્ટિ બગડેલી દેખાય છે. ત્યાંની હવા આપણે બગાડીએ છીએ, ત્યાંની જગ્યા ગંદી કરી નાખીએ છીએ. અનાજ ખાઈએ છીએ અને સૃષ્ટિને ઘસારો પહોંચાડીએ છીએ. સૃષ્ટિને પહોંચતો આ ઘસારો આપણે ભરી કાઢવો જોઈએ.

આજે હજારો વરસથી આપણે જમીન ખેડતા આવ્યા છીએ. આને લીધે જમીનનો કસ ઓછો થતો જાય છે. આપણે જમીનનો કસ તેને પાછો મેળવી આપવાનો છે. આને માટે હળ ચલાવીએ, ખેડ કરીએ, સૂર્યની ગરમી તેમાં સંઘરાય એવી વ્યવસ્થા કરીએ, તેમાં ખાતર પૂરીએ. આ રીતે જમીનનો ઘસારો ભરી કાઢીએ.

આમ, એક તો આપણે ક્ષતિની પૂર્તિ કરવાની છે તથા બીજું, વાપરેલી ચીજનું શુદ્ધિકરણ કરવાનું છે. આપણે કૂવાનો ઉપયોગ કરીએ છીએ, તેથી તેની આજુબાજુ ગંદવાડ થાય છે, પાણી ભરાઈ રહે છે. કૂવાની પાસેની જે આ સૃષ્ટિ બગડી, તેને શુદ્ધ કરવાની છે. ત્યાં ભરાયેલું પાણી ઉલેચી કાઢવાનું છે. કાદવ પડ્યો હોય તો સાફ કરવાનો છે.

આ રીતે ઘસારો ભરી કાઢવો અને શુદ્ધિ કરવી. આની સાથોસાથ પ્રત્યક્ષ કંઈક નિર્માણ કરવું, એ ત્રીજી વાત છે. આપણે કપડું વાપર્યું, તો રોજ ફરી સૂતર કાંતી તે પેદા કરવાનું છે. કપાસ ઉગાડવો, અનાજ પેદા કરવું, સૂતર કાંતવું, એ બધું પણ સાથોસાથ કરવાનું છે, કર્તવ્યભાવનાથી કરવાનું છે. સૃષ્ટિ પ્રત્યેનું આપણું ઋણ ફેડવા માટે આ બધું કરવાનું છે.

માણસે આ રીતે નિષ્ઠાપૂર્વક સૃષ્ટિની સેવા કરવાની છે. સૃષ્ટિની સેવા કરવી એટલે વૃક્ષોને પાણી પાવું, ખેતર ખેડવું, ખેતરમાં બી વાવવું. સૃષ્ટિએ તમને અન્ન આપ્યું, તો તમારે કોઈક ને કોઈક સ્વરૂપે તેને પાછું આપવાનું છે. મળ-મૂત્ર, હાડકાં, સૂકાં પાન વગેરે ધરતીને પાછાં આપશો, તો જ ધરતીનો કસ જળવાઈ રહેશે અને ધરતી તમને નિરંતર આપતી રહેશે. પશુપાલન, વૃક્ષ-સંવર્ધન, સફાઈ, નવું ઉત્પાદન વગેરે બધું જ આ રીતે સૃષ્ટિની સેવા માટે કરવાનું છે. આમ જો આપણે નથી કરતા, તો આપણે ચોરી કરીએ છીએ, સૃષ્ટિને લૂંટતા રહીએ છીએ, એમ કહેવાશે. સૃષ્ટિને કશું આપ્યા વિના સૃષ્ટિ પાસેથી લેતા જ રહેવું અને ભોગ ભોગવ્યા કરવા એટલે ચોરી જ ને! માટે માણસે સૃષ્ટિની નિષ્ઠાપૂર્વક સેવા કરતા રહેવાની છે; અને આ સેવા એટલે

સૃષ્ટિને પહોંચાડાતી ક્ષતિની પૂર્તિ કરતા રહેવી, સૃષ્ટિમાં ફેલાવાતી અશુદ્ધિની શુદ્ધિ કરતા રહેવી તથા સૃષ્ટિની પુષ્ટિ માટે નૂતન ઉત્પાદન કરતા રહેવું. માણસના આવા ત્રિવિધ કર્તવ્યને જ ગીતાએ યજ્ઞ કહ્યો છે.

### સૃષ્ટિની સેવા કરવી એ જ યજ્ઞ

યજ્ઞ વિશે એક ખ્યાલ આપણા મનમાં રૂઢ થઈ ગયો છે. પ્રાચીન જમાનામાં યજ્ઞનું જે સ્વરૂપ હતું, તેને આપણે ભૂલી નથી શક્તા. એટલે 'યજ્ઞ' કહેતાં એ જ અર્થ આપણી સામે આવી જાય છે. પરંતુ ગીતાએ 'યજ્ઞ'નો બહુ વ્યાપક અર્થ ક્ર્યો છે. પ્રાચીન કાળમાં બધે મોટાં મોટાં જંગલો હતાં. તે દૂર ક્ર્યા વિના માનવ-વસવાટ સંભવ નહોતો, તેથી જંગલો કાપવાં અને તેનું લાકડું બાળવું, એ યજ્ઞ મનાતો. જો આ રીતે જંગલો કાપીને યજ્ઞ કરવામાં આવ્યો ન હોત, તો આપણે અહીં વસી જ ન શક્યા હોત. તેથી તે વખતે એ અત્યંત ઉચિત અને ઉપયોગી કામ હતું. આજે પણ એ યજ્ઞની સ્મૃતિ કાયમ રાખવા આપણે પ્રતીક રૂપે એવો યજ્ઞ કરીએ છીએ. કોઈ પણ પુણ્યકાર્ય કરતી વખતે અગ્નિ પ્રજ્વલિત કરીને તેમાં થોડાંક લાકડાં આપણે હોમીએ છીએ. આવી સાંકેતિક ક્રિયા કરીને આપણે પ્રાચીન કાળ સાથેનો આપણો તંતુ કાયમ રાખીએ છીએ. તેને લીધે સંસ્કારોની સુસંગતિ અખંડ રહે છે.

તેમ છતાં આજે હવે તે રૂઢિને સ્થૂળ રૂપમાં પકડી રાખવાની જરૂર નથી. અમુક પરિસ્થિતિમાં સેંકડો-હજારો વરસો પહેલાં જે કરતા, તે આજે પણ કરતા રહેવું ઉચિત નથી. પ્રતીક રૂપે કરીએ તે ઠીક છે. તેથી ગીતાએ યજ્ઞનું એક અભિનવ સ્વરૂપ જ આપણી સામે મૂક્યું. ગીતાએ કહ્યું કે સૃષ્ટિની સેવા કરવી, એ જ યજ્ઞ છે. સૃષ્ટિની ક્ષતિની પૂર્તિ કરવી, અશુદ્ધિ દૂર કરવી અને નવું ઉત્પન્ન કરવું.

### આ માટે શરીર-પરિશ્રમ અનિવાર્ય

આપણે ખાઈએ છીએ, તેથી આપણે ઉત્પાદનમાં પણ ઉપાસનાની વૃત્તિથી ભાગ લેવો જોઈએ. તે માટે કાંઈ ને કાંઈ શરીર-પરિશ્રમ કરવાનું વ્રત સહુએ લેવું જોઈએ. જે પરમેશ્વરે આટલું ઉત્પાદન કર્યું, આખી સૃષ્ટિ અને સમાજ બનાવ્યો, તેને આપણે શું સમર્પણ કરીએ ? તો વેદોએ કહ્યું છે કે *'ચક્રિં વિશ્વાનિ ચક્રયે.'* જેણે વિશ્વનું નિર્માણ કર્યું છે, તેને ઉત્પાદન જ સમર્પણ કરી શકાય. એ આખું વિશ્વ નિર્માણ કરે છે, તેને જો કોઈ ચીજ આપણે સમર્પણ કરવા માગીએ, તો શરીરશ્રમથી પેદા કરેલી ચીજ જ સમર્પણ કરવી જોઈએ.

તેથી વેદ-ઉપનિષદ કાળથી જ અન્નોત્પાદનના કાર્યનું મહત્ત્વ ગાવામાં આવ્યું છે. વેદનો ઋષિ કહે છે, ''હે ઇંદ્ર, મેં આ જે દાતરડું હાથમાં લીધું છે, તે તારી પ્રાપ્તિ માટે છે.'' ઉપનિષદ પણ કહે છે, *'અન્નં બહુ કુર્વીત, તદ્ વ્રતમ્'*—અન્ન ખૂબ પકવો, એવું વ્રત લઈ લો. ઉત્પાદન રૂપી યજ્ઞ વિના ખાવું એ પાપ છે. માણસના નિષ્પાપ જીવન માટે અન્નોત્પાદનનું વ્રત અનિવાર્ય છે. માણસ જો ઉત્પાદક પરિશ્રમ ટાળશે, તો જીવન પાપમય બનશે.



Acc. No. 130259
Date

ગીતામાં કહ્યું છે, *'અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ, પર્જન્યાદ્ અન્નસંભવ:, યજ્ઞાદ્ ભવતિ પર્જન્યો, યજ્ઞ: કર્મસમુદ્ભવ:* —ભૂતમાત્ર અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ પર્જન્યથી થાય છે, પર્જન્ય યજ્ઞથી થાય છે અને યજ્ઞ કર્મથી થાય છે. અન્નનો આટલો બધો મહિમા છે ! ભૂતમાત્રની ઉત્પત્તિ અન્નથી થાય છે. એ અન્નની ઉત્પત્તિ પર્જન્યથી થાય છે, એમ કહ્યું છે. પર્જન્યનો સ્થૂળ અર્થ છે, વરસાદ અને સૂક્ષ્મ અર્થ છે, સૃષ્ટિ દેવતાની પ્રસન્નતા. યજ્ઞ કરશો, તો પર્જન્ય થશે. એટલે કે વૃક્ષ-સંવર્ધન આદિ યજ્ઞથી વર્ષા થઈ શકે છે, અને શરીર-પરિશ્રમાત્મક યજ્ઞથી સૃષ્ટિ દેવતા પ્રસન્ન થાય છે. સૂર્ય-કિરણો દ્વારા પાણીનું બાષ્પીભવન એ વિરાટ પુરુષનો એક યજ્ઞ જ છે તો ! એ પણ પર્જન્ય માટે કારણભૂત છે. યજ્ઞથી સંતુષ્ટ થયેલી, પ્રસન્ન થયેલી સૃષ્ટિ તમને ઇચ્છિત ફળ આપશે.

આમ, યજ્ઞમાં પૂજ્યભાવ, ત્યાગ-સમર્પણ અને નૂતન ઉત્પત્તિ, આ ત્રણેય ભાવ નિહિત છે. 'યજ્' ધાતુનો અર્થ છે, પૂજા. તેમાં આહુતિ દેવાની પ્રક્રિયા ત્યાગ-સમર્પણનો ભાવ બતાવે છે. પોતાના શારીરિક પરિશ્રમથી ઉત્પન્ન થયેલી વસ્તુ કે અન્નની આહુતિ દેવાનો ભાવ તેમાં નિહિત છે. આ રીતે તેમાં નૂતન વસ્તુ કે નૂતન અન્નના નિર્માણનો ભાવ પણ છે. આવા યજ્ઞથી સૃષ્ટિની સેવા કરવી, એ માણસનું પરમ કર્તવ્ય છે.

# ૫

# સૃષ્ટિની સેવા માટે શ્રમ અનિવાર્ય

**પં**ડિત જવાહરલાલ નેહરુનું એક વાક્ય મને યાદ રહી ગયું છે. એક વાર વાતચીતમાં તેમણે મને કહેલું, અંગ્રેજીમાં બોલેલા — *'નેશન્સ ડિકે, વ્હેન ધે લુઝ કોન્ટેક્ટ વિથ નેચર.'* એટલે કે, કુદરત સાથેનો સ્પર્શ નથી રહેતો, ત્યારે રાષ્ટ્ર ક્ષીણ થાય છે, તેનો ક્ષય થાય છે. એટલા વાસ્તે આપણો કુદરત સાથે, ખેતી સાથે સંબંધ હોવો અત્યંત આવશ્યક છે. ખેતી સાથે, એટલે કે જમીન સાથે દરેક માણસનો સંબંધ હોવો જ જોઈએ.

### ભક્તિનું સૌથી ઉત્તમ સાધન

જમીન માત્ર ઉત્પાદનનું સાધન નથી, પરમેશ્વરની ભક્તિનુંયે સાધન છે. આ વાત હું મારા પોતાના અનુભવથી કહી રહ્યો છું. આનો મેં જાતે અનુભવ કર્યો છે. ઈશ્વરની ભક્તિનાં વિધવિધ સાધન —જપ, તપ, જ્ઞાન વગેરેનો થોડો ઘણો અનુભવ મને પણ છે. પરંતુ તે બધાથી જેટલી ઈશ્વર-ભક્તિ સધાય છે, એટલે કે માણસના વિકાર-શમન માટે તે બધાથી જેટલી મદદ મળે છે, તેના કરતાં વધારે મદદ જમીન પર પરિશ્રમ કરવાથી અને ખુલ્લી હવામાં કોદાળી લઈને કામ કરવાથી મળે છે. જમીનની સેવા ઈશ્વર-ભક્તિનું સૌથી ઉત્તમ સાધન છે. તે સાધનથી કોઈ પણ માણસને વંચિત કરવો નહીં જોઈએ.

એટલે હું કહીશ કે માણસને માટે સૌથી ખતરનાક કોઈ ચીજ હોય, તો તે છે, તેનું જમીનથી ઊખડી જવું. જેમ દરેક વૃક્ષની જડ જમીનમાં હોય છે, તેવી જ રીતે દરેક માણસનો સંબંધ જમીન સાથે હોવો જોઈએ. તેથી માણસને ખેતીથી અળગો કરવો, તે ઝાડને જમીનથી અળગા કરવા બરાબર છે. મેં છાપામાં વાંચ્યું કે અમેરિકામાં દર દસ માણસે એક માણસ માનસિક બીમારીથી પીડિત છે. આનું કારણ એ જ છે કે ત્યાં માણસને જમીનથી ઉખેડી નાખવામાં આવે છે. મારું માનવું છે કે માણસનું જીવન જેટલું પૂર્ણ હશે, તેટલો તે સુખી થશે. અને જમીનની સેવા એ પૂર્ણ જીવનનું એક અનિવાર્ય અંગ છે. ખેતીથી ખુલ્લી હવા અને સૂર્યપ્રકાશ મળે છે, જેને લીધે આરોગ્ય-લાભ થાય છે. ખેતીથી માનસિક આનંદ પ્રાપ્ત થાય છે, બુદ્ધિ તીવ્ર બને છે. ખેતી ભગવાનની ભક્તિનું શ્રેષ્ઠ સાધન છે. જેટલા લોકોને પૂર્ણ

જીવનનો મોકો મળશે, સમાજમાં એટલું જ સમાધાન ને શાંતિ રહેશે. ખેતી બુનિયાદી સેવા છે. ખેતર એક ઉત્તમ જ્ઞાન-મંદિર છે.

## ખેતી સાક્ષાત્ બ્રહ્મકર્મ

ખેતી સાક્ષાત્ બ્રહ્મકર્મ છે, યાને નિર્માણ-કાર્ય છે. અર્થશાસ્ત્રના લોકો તેને ઉત્પાદક કાર્ય કહે છે, પણ તે ગૌણ શબ્દ છે. સર્વોત્તમ શબ્દ 'બ્રહ્મકર્મ' છે. બ્રહ્મકર્મ એટલે બ્રહ્મદેવની ક્રિયા. સૃષ્ટિમાં જે ઉત્પાદન થાય છે, તે બ્રહ્મકર્મ છે. તેમાં સાક્ષાત્ સૃષ્ટિ દેવતાની સાથે સંબંધ આવે છે, જેને લીધે બધાના ગુણોનો વિકાસ થવાનો મોકો મળે છે તથા બધાનાં મન ઉદાર બને છે. આજે કેટલાક ધંધા એટલા સંકુચિત બની ગયા છે કે તેમાં માનસિક ઉદારતા આવી જ નથી શકતી. જ્યારે સૃષ્ટિમાં આપણે એક દાણો વાવ્યો, તો હજારો દાણા મળે છે, યાને સૃષ્ટિમાં પાર વિનાની ઉદારતા છે. તે વાણિયાની દુકાનમાં નથી. ત્યાં તો બધું માપીને, તોલીને જ મળે છે. પરંતુ ખેતીમાં આપવાનું થોડું છે અને મેળવવાનું વધુ. આ જે ઉદારતા છે, તે બીજે ક્યાંય નથી. આ એક દાણાના સો દાણા બનાવવાનું કામ હું નથી કરતો, પરમેશ્વર કરે છે, કુદરત કરે છે. માણસ તો નિમિત્ત માત્ર હોય છે. આ જે કૃતિ છે, તે માણસની નથી, દેવ-કૃતિ છે. આ જે ઉત્પાદન છે, તે લક્ષ્મીનું ઉત્પાદન છે, અને તે બ્રહ્મકર્મ છે.

ધારો કે મેં એક ઘડિયાળ બનાવી. તેમાં પરમેશ્વરની કૃતિ કેટલી છે ? તેણે મને બુદ્ધિ આપી, તે એની કૃતિ છે. પરંતુ ઘડિયાળ બનાવવાના કામમાં સીધો ઈશ્વર નથી રહેતો. તેમાં એનું સીધું કર્તૃત્વ નથી. જ્યારે ખેતીકામમાં હું નિમિત્તમાત્ર છું. હું માત્ર એટલું જ કરું છું કે અનુકૂળ ઋતુ જોઉં છું અને ખેતીકામ કરું છું. પણ એક વાર દાણો વાવ્યા બાદ તો મારે રાહ જ જોવાની છે. તે એકના સો દાણા બનાવવાનો કીમિયો કાંઈ મારો નથી, ભગવાનનો છે, કુદરતનો છે. આ રીતે ખેતીમાં માણસનો ગુણ-વિકાસ જેટલો થશે, તેટલો બીજા કોઈમાં નહીં થાય. તેમાં સાક્ષાત્ પરમેશ્વર સાથે સંપર્ક થાય છે.

## શ્રમમાંથી શ્રી અને લક્ષ્મી પેદા થાય છે

તેથી કુદરતને ખોળે રહીને શરીરશ્રમ કરવો, એ માણસ માટે પૂજા રૂપ બનવો જોઈએ. મેં ખેતરમાં ખોદવાનું કામ એક ઉપાસના તરીકે વરસો સુધી કર્યું છે. અને અસલ સંપત્તિ આમાંથી જ નીપજે છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યું છે કે શ્રમમાંથી 'શ્રી' નિર્માણ થાય છે. એમણે 'શાંતિ-નિકેતન'ની સાથોસાથ 'શ્રી-નિકેતન'નીયે સ્થાપના કરી. એમણે કહ્યું કે જિંદગી તો પરિશ્રમથી ભરી છે, અને તે ગૌરવની વાત છે. જે લોકો પરિશ્રમને તપસ્યા માને છે, લક્ષ્મી મેળવવાની સાધના અને ભગવાનની ઉપાસનાનું સાધન માને છે, તેમના પરિશ્રમનું દિવ્ય રૂપાંતર થાય છે અને તેમના પરિશ્રમમાંથી નિત્ય નૂતન સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. તેમાં ભગવાનના હાથનો સ્પર્શ થાય છે. શ્રમનો આવો મહિમા કવિવર રવીન્દ્રનાથે ગાયો છે.

એક વાત ખાસ સમજવા જેવી છે કે જેટલું લક્ષ્મીનું નિર્માણ થાય છે —પૈસાનું નહીં, લક્ષ્મીનું —તે બધું પરિશ્રમ દ્વારા જ થાય છે. પૈસો એ જુદી ચીજ છે અને લક્ષ્મી એ જુદી ચીજ છે. લક્ષ્મી દેવી છે. શ્રમ વિના એ પ્રગટ થતી નથી. જે કાંઈ શ્રમથી ઉત્પન્ન થાય છે, તેનું નામ છે, લક્ષ્મી. લક્ષ્મી વધે છે, તો વૈભવ વધે છે, ઈશ્વરની કૃપા વધે છે. પૈસો વધે છે તો ભેદ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા, વ્યસન વગેરે પંદર અનર્થ વધે છે, એમ ભાગવતમાં કહ્યું છે.

### પૈસાની ઇન્દ્રજાળ !

પૈસા નાસિકના છાપખાનામાં છપાય છે. તેને માટે પરિશ્રમ કરવો પડતો નથી. ઠપ ઠપ કરી નાખ્યું કે પૈસા છપાઈ ગયા ! એક રૂપિયા માટે પણ એક ઠપ અને સો માટે પણ એક ઠપ. પરંતુ લક્ષ્મી એ તો જુદી ચીજ છે. તે તો ખેતરમાં પેદા થાય છે. એક શેર અનાજ માટે જે પરિશ્રમ કરવો પડશે, તેનાથી ઘણો ઝાઝો પરિશ્રમ સો શેર માટે કરવાનો રહેશે. નાસિકના છાપખાનામાં એક રૂપિયા માટે અને સો રૂપિયા માટે એક સરખો જ પરિશ્રમ કરવો પડે છે. આનાથી મોટી માયા બીજી કઈ હોઈ શકે ? આ તો ઇન્દ્રજાળ છે, માયા છે, મિથ્યા છે. કાગળના ટુકડા એ કાંઈ લક્ષ્મી નથી. અનાજ, ઘી, દૂધ, માખણ એ ખરી લક્ષ્મી છે, અને તે પરિશ્રમથી ઉત્પન્ન થાય છે. ખરી સંપત્તિ એ જ છે. સર્વોદયનો વિચાર એ છે કે સમાજરચના એવી બનાવવી જોઈએ કે જેમાં મદાર પૈસા ઉપર ન હોય, શ્રમ ઉપર હોય. સમાજમાં શ્રમનું મૂલ્ય હોવું જોઈએ.

### પરસેવાનો પવિત્ર પમરાટ

રામાયણમાં એક જગ્યાએ શ્રમનો મહિમા બહુ સુંદર રીતે બતાવ્યો છે. શબરીના આશ્રમમાં રામ આવ્યા છે. આશ્રમ પાસે ક્યારેય ન સુકાનારાં એવાં સુંદર સુગંધી ફૂલ ખીલેલાં હતાં. રામજીએ પૂછ્યું, ''આ ફૂલ ક્યાં છે ? કોણે ઉગાડ્યાં ?'' શબરી બોલી —''એક દિવસ મતંગ ઋષિ આશ્રમનાં બાળકોને લઈને જંગલમાંથી લાકડાં લાવવા ગયા હતા. તેઓ પરસેવાથી લથપથ થઈને પાછા આવ્યા. એમના માથે લાકડાંનો ભારો હતો અને શરીરેથી પરસેવો ટપકી રહ્યો હતો. જ્યાં-જ્યાં એમના પરસેવાનાં બૂંદ પડેલાં, ત્યાં-ત્યાં બીજે દિવસ સવારે ફૂલ ખીલી ઊઠ્યાં હતાં. હે રામ, એ ધર્મ-બિંદુઓથી આ સુંદર સતેજ સુગંધી ફૂલો ખીલ્યાં છે.'' શ્રમના મહિમાનું આટલી ભવ્યતા ને સહૃદયતા ભરેલું વર્ણન વિશ્વના સાહિત્યમાં બીજે ભાગ્યે જ મળે ! તે ફૂલો જાણે ભૂમાતાનાં સ્નિગ્ધ ચક્ષુ જ હતાં. પોતાનાં બાળકોના ધર્માસિક્ત ચહેરા જોવા માટે કરુણાપૂર્વક ભૂમાતાએ જાણે પોતાનાં નયન ખોલ્યાં હતાં !

પવનારમાં ઋષિખેતી કરતાં મને જે અનુભવ આવ્યો, તે રમણીય છે. અમારા લોકોનો જે પરસેવો પડ્યો, તેને કારણે જ તે રમણીય બની શક્યો. આજકાલ શ્રમ કરવામાં ઓજારોની મદદ લેવાય છે, જેને લીધે પરિશ્રમ ઘણો સહેલો થઈ જાય છે.

તેમ છતાં ઉત્પાદન માટે શરીરશ્રમ થોડો ઘણો કરવો જ પડે છે. આજે સમાજમાં પરિસ્થિતિ એ છે કે કેટલાકને બહુ ઝાઝો પરિશ્રમ કરવો પડે છે, તો બીજા કેટલાકને પરિશ્રમ કરવાનો મોકો જ મળતો નથી. જેમને બહુ વધારે પડતો પરિશ્રમ કરવો પડે છે, એમના પર તેની ખરાબ અસર થાય છે. તો બીજી બાજુ, જેમને પરિશ્રમનો મોકો જ નથી મળતો, એમના પર પણ તેનાં બીજા પ્રકારનાં દુષ્પરિણામો આવે છે. આ રીતે બંને પ્રકારના લોકોનું બધી રીતે નુકસાન જ થાય છે. એટલા વાસ્તે શ્રમ દ્વારા શરીરેથી પરસેવો વહાવવાનો નિયમ જીવન માટે જરૂરી બની જાય છે.

વેદમાં કહ્યું છે, *'અવ સ્મ યસ્ય વેષણે, સ્વેદં પથિષુ જુહ્વતિ'*—પરમાત્માને પ્રાપ્ત કરવા માટે, પરમાત્માની સેવા કરવા માટે સાધકે હાથમાં કુહાડી લીધી છે. પરસેવાથી તરબતર થયેલો તે સાધક રસ્તામાં પરસેવાનાં બૂંદ પાડતો જાય છે. યજ્ઞમાં ઘીની આહુતિ અપાય છે, તેમ આ જાણે પરસેવાની આહુતિ છે.

પરસેવો વહાવવાનો આ વિચાર ઘણો પ્રાચીન છે. સેન્ટ પૉલનું પ્રસિદ્ધ કથન છે — તમે જો શ્રમ કર્યા વિના ખાઓ છો, તો તમારું જીવન વ્યર્થ છે. તમે લોકો નિશ્ચય કરો કે જે દિવસ શરીરશ્રમ નહીં કરો, તે દિવસ ખાશો નહીં.

## ઓજારોનો વિવેકપૂર્વક યથોચિત ઉપયોગ

જુઓને ! 'ઋષિ' અને 'ઋષભ' એ બેઉ શબ્દ એક જ ધાતુ પરથી બન્યા છે. 'ઋષભ' એટલે જમીન ખેડનારો બળદ અને 'ઋષિ' એટલે તે બળદની પાછળ-પાછળ ચાલનારો ખેડૂત. ઋષિ એમ માનતા કે દરેકને માટે ખેતીમાં શ્રમ કરવો અનિવાર્ય છે.

શરીર-પરિશ્રમ કરવામાં ઓજારોની મદદ લેવાય, તેમાંયે કાંઈ ખોટું નથી. ઋષિખેતીનો ઋષભખેતી સાથે કોઈ વિરોધ નથી. વિરોધ હોવાનું કોઈ કારણ જ નથી. પવનારમાં અમે લોકોએ બેઉ પ્રયોગ કર્યા છે. એટલું જ નહીં, નદીના પાણીનો ઉપયોગ કરવા માટે એન્જિનનો ઉપયોગ પણ કરેલો. બળદોને બેકાર બનાવી દેવાનું મને માન્ય નથી. તેમ છતાં તેની સાથે અન્ય ઓજારોનોયે ઉપયોગ થઈ શકે અને નદીના પાણીનો ઉપયોગ કરવા માટે એન્જિન પણ અવશ્ય વાપરી શકાય. સારાંશ કે ઋષિખેતી, ઋષભખેતી અને એન્જિનની ખેતી, ત્રણેય સાથે કામ કરી શકે. આમાં કશો વિરોધ નથી, તે આપણે વ્યવહારમાં પ્રત્યક્ષ પ્રયોગ કરીને સિદ્ધ કરી બતાવવાનું છે.

આમ, શરીર-પરિશ્રમ કરવામાં ઓજારોની મદદ ભલે લેવાય, પણ શરીર-પરિશ્રમ તો દરેકે કરવો જ જોઈએ. માણસ શરીરશ્રમ કર્યા વિના ઉપભોગ કરે છે, તો તેમાં મોટો ખતરો છે. દુનિયાની આજની ઘણીખરી વિષમતા, ઘણાંખરાં દુ:ખ અને ઘણાંખરાં પાપ શરીરશ્રમ ટાળવાની નિયતમાંથી પેદા થયાં છે. એવી નિયત રાખનારો પ્રગટ કે ગુપ્ત રીતે ચોરી કરે છે, એમ જ કહેવું જોઈએ. જે ખાશે, તે શરીરશ્રમ પણ કરશે જ, આવું થવું જોઈએ.

# ૬

# સમાજ-વ્યવસ્થા ધન-આધારિત નહીં, શ્રમ-આધારિત બને

## જીવનભર હું મજૂર રહ્યો છું

**મ**ને લોકો એક વિદ્વાન તરીકે ઓળખે છે, પણ મારી મુખ્ય ઓળખાણ તો એ જ છે કે હું મજૂર છું. હું મારી જાતને મજૂર જ માનું છું. એટલા વાસ્તે મેં મારા જીવનનાં, જુવાનીનાં ૩૨ વરસ કે જે 'બેસ્ટ ઇયર્સ' (સર્વોત્તમ કાળ) કહેવાય છે, તે મજૂરીમાં વીતાવ્યાં. મજૂરીનાં મેં જાતજાતનાં કામો કર્યાં. ખાસ કરીને જે કામોને સમાજ દીન અને હીન માને છે, જેની સમાજમાં કોઈ પ્રતિષ્ઠા નથી —જો કે આવશ્યકતા તો પુષ્કળ છે —એવાં કામો કર્યાં. જેમ કે ભંગીકામ, વણાટકામ, સુથારીકામ, ખેતીકામ વગેરે. ગાંધીજી હોત, તો કદાચ હું કયારેય બહાર આવ્યો ન હોત, અને કોઈ ને કોઈ મજૂરીના કામમાં હું મગ્ન રહ્યો હોત. જન્મથી હું ભલે બ્રાહ્મણ હોઉં, કર્મથી હું મજૂર જ છું.

પુરાણોમાં આવે છે કે આખી પૃથ્વીનો ભાર શેષનાગ પર છે, શેષનાગના માથે આ પૃથ્વી ટકી છે. તો આપણા સમાજનો શેષનાગ શ્રમિક છે. તેના આધારે માનવજીવન ચાલી રહ્યું છે. છતાં શ્રમ કરનારાઓની નરી ઘૃણા જ કરવામાં આવે છે ! જે કામો અત્યંત જરૂરી છે, તે બધાં જ કામો આજે સમાજમાં નીચામાં નીચાં ગણાય છે. ભંગી, ચમાર, કુંભાર, વણકર, ખેડૂત, બધા આ જે શ્રમ કરે છે, તેના વિના સમાજ નભી જ નહીં શકે. પરંતુ એ સહુની હલકી વરણમાં ગણતરી થાય છે. આજના શિક્ષણને લઈને શ્રમ માટે એક પ્રકારની નફ઼રત પેદા થઈ છે, અને શ્રમ કરનારો નીચો મનાયો છે. બીજા ઉપલા વર્ગના મનાય છે. મારો આત્મા આની સામે કકળી ઊઠે છે અને બંડ પોકારે છે.

શારીરિક શ્રમની અને માનસિક શ્રમની કીમતમાં કેટલી બધી અસમાનતા ! શરીરશ્રમના એક કલાકના આઠ-બાર આના મજૂરી ચૂકવાય, જ્યારે માનસિક શ્રમના દર કલાકે પાંચ, દસ, વીસ રૂપિયા, અરે, દાકતર-વકીલ વગેરેને તો કલાકના સેંકડો રૂપિયાના હિસાબે ચૂકવાય ! શું મજૂરની સેવા ઓછી અગત્યની છે ? શું તેના વિનાયે સમાજને

ચાલશે ? દરેકે દરેકની સેવાની સમાજને જરૂર છે. તો પછી અમુક સેવાનું વળતર એ માણસ બે ટંક સારું ખાઈ પણ ન શકે એટલું બધું ઓછું, અને બીજી બાજુ અમુક સેવાનું વળતર એટલું બધું કે એ માણસને એ પૈસો કયાં વાપરવો, કયાં રાખવો એનીયે મૂંઝવણ થઈ પડે —આવું શું કામ ?

આ બધું જોઈને મારું દિલ રડે છે. દુનિયામાં જે કાંઈ અન્યાયો ચાલે છે, તેમાં સૌથી મોટો અન્યાય હું આને ગણું છું. અને એટલે જ તેને નેસ્તનાબૂદ કરવા મેં જીવનભર કોશિશ કરી છે. શ્રમ કરનારાઓના જીવન સાથે એકરૂપ થવાની કોશિશ મેં નિષ્ઠાપૂર્વક કરી છે, કે જેથી એમને થઈ રહેલ અન્યાયની ચોક્કસ પ્રતીતિ જાત-અનુભવથી મને થાય.

ખોદવાનું કામ મેં વરસો સુધી એકધારું કર્યું છે. ભંગીકામ ઉપાસનાની વૃત્તિથી સતત મેં કર્યું છે. કાંતવાનું, વણવાનું આઠ-આઠ, દસ-દસ કલાક સુધી મેં કરી જોયું છે. શ્રમ ઉપર આધારિત રહીને કઈ રીતે જીવન-નિર્વાહ ચલાવી શકાય, તેના પ્રયોગો મેં કર્યા છે.

## શ્રમની મજૂરીમાંથી ગુજરાન ચલાવી જોયું છે

આપણે જે શ્રમ કરીએ, તેની જે મજૂરી મળે, તેમાંથી જ ગુજરાન ચલાવી જોવાનું વલણ મારું પહેલેથી રહ્યું છે. ૧૯૨૨-૨૩ના અરસામાં અમે આશ્રમમાં બપોરે ચાર વાગ્યા સુધી કામ કરીને હિસાબ લગાવતા કે ત્યાં સુધીમાં કેટલું કામ થયું અને તેની કેટલી મજૂરી મળી. તેમાં જો એમ જણાય કે સાંજે છ વાગ્યા, એટલે કે આઠ કલાક સુધીમાં પૂરતી મજૂરી મળી જશે, તો જ સાંજની રસોઈ બનાવવામાં આવતી, નહીં તો વિચારાતું કે શું કરવું છે ? સાંજનું ભોજન છોડી દેવું છે કે પછી આઠ કલાક પછીયે વધુ કામ કરીને જરૂરી મજૂરી મેળવવી છે ? જુવાનિયા મોટે ભાગે પૂરું ભોજન ઇચ્છતા, એટલે વધારે કામ કરવામાં આવતું. અથવા ક્યારેક જેટલી મજૂરી ઓછી પડતી હોય, તેટલી ચીજો તે દિવસની રસોઈમાંથી કાઢી નાખવામાં આવતી. આવી રીતે અમે મજૂર તરીકેનું જીવન જાતે સાક્ષાત્ જીવી જોયું છે.

સન ૧૯૨૪ની વાત છે. મેં અર્થશાસ્ત્રનું અધ્યયન શરૂ કર્યું, અને તેની સાથે મેં તે દિવસોમાં મારું રોજનું ગુજરાન બે આનામાં કરવાનું નક્કી કર્યું; કેમ કે તે વખતે હિંદુસ્તાનમાં માથાદીઠ ઓછામાં ઓછી આવક દોઢ-બે આના હતી. ત્યારે સાત પૈસાનું ભોજન અને એક પૈસો બળતણ માટે (ત્યારના આઠ પૈસા = બે આના અને સોળ આના = ૧ રૂપિયો), એવો મારો હિસાબ હતો. સાત પૈસામાં જુવારના રોટલા, મગફળી, ગોળ, દાળ, થોડુંક શાક, મીઠું, આંબલી એટલી ચીજો આવતી. એક વાર ગાંધીજીના ઉપવાસને કારણે મારે એમની પાસે દિલ્લી જવું પડ્યું. ત્યાં જુવાર નહોતી મળતી, ઘઉં જ મળતા હતા અને તે મોંઘા હતા. એટલે ત્યાં મારે મગફળી છોડવી પડી. મારો આ 'બે આના આહાર'નો પ્રયોગ વરસેક ચાલ્યો.

કોઈને થશે કે અર્થશાસ્ત્રના અધ્યયનને વળી આવી તપસ્યા સાથે શો સંબંધ ? તો એ વિશે મારે કહેવું છે કે અધ્યયન ત્યારે જ હજમ થાય છે, જ્યારે આપણે તેમાં

ઓતપ્રોત થઈ જઈએ છીએ, આપણી ઇન્દ્રિયોને, પ્રાણોને કસીને તેમાં એકાગ્રતા સાધીએ છીએ. એક વાર મેં બે વરસ અત્યંત એકાગ્રતાથી વેદોનું અધ્યયન કરેલું. ત્યારે પણ હું માત્ર દૂધ-ભાત ઉપર રહ્યો હતો, બીજી કોઈ ચીજ લેતો નહોતો. આવી રીતે વિચારોની સાથે જીવનને જોડવાની મને આદત છે. આને હું બહુ જરૂરી માનું છું. એટલા વાસ્તે અર્થશાસ્ત્રના અધ્યયન સાથે મેં મારું જીવન જોડી દીધું. મને આ અધ્યયનથી બહુ લાભ થયો. નકામું અર્થશાસ્ત્ર ધ્યાનમાં ન રહ્યું. તૉલ્સ્તૉય, રસ્કિન વગેરેના અસલ અર્થશાસ્ત્રનો મર્મ મારા મનમાં બરાબર વસી ગયો.

૧૯૩૫માં ફરી એક વરસ સુધી પ્રયોગ કર્યો. તેમાં એક દિવસ પણ પડવા ન દીધો. ચરખા ઉપર સૂતર કાંતનારાઓને પૂરતી કમાણી નથી થતી, તેની ચર્ચા ચાલતી હતી. એક બાજુ એમ કહેવાતું કે મજૂરી વધારીશું, તો ખાદીના ભાવ વધશે અને તે વેચાશે નહીં. બીજી બાજુ, શ્રમ કરનારાને જીવનનિર્વાહ પૂરતુંયે ન મળે, તે કેમ ચાલે ? આનો શો ઉપાય ? આનો ઉપાય એ જ કે મારા જેવાએ પોતાના જીવનમાં પ્રયોગ કરીને જોવું કે ત્યારે કાંતનારાને જેટલી મજૂરી મળતી હતી, તેટલી જ મજૂરીમાં ગુજરાન શી રીતે થઈ શકે છે.

## પૂરતી મજૂરી ચૂકવીએ, તો જ શ્રમની પ્રતિષ્ઠા કરી કહેવાય

મેં રોજની ચાર-ચાર આંટી કાંતવાનો મહાયજ્ઞ શરૂ કર્યો. તેમાં સાડા આઠથી નવ કલાક થઈ જતા. ઊભો-ઊભો કાંતતો, બેસીને કાંતતો, બેન્ચ પર બેસીને કાંતતો, જમણે હાથે કાંતતો, એ હાથ થાકે એટલે ડાબે હાથે કાંતતો. રોજ ચાર આંટી પૂરી થવી જોઈએ. અને છતાં ચરખા સંઘના તે વખતના દર મુજબ મને મહિને દહાડે આની પાંચ રૂપિયા મજૂરી મળતી. એટલામાં જ મેં મારો નિર્વાહ ચલાવવાનો પ્રયત્ન કર્યો. પણ મેં પ્રયોગ કરીને જોયું કે મહિને સાત-સાડાસાત રૂપિયા તો મળવા જ જોઈએ. દરેક કાંતનારને આઠ કલાકના કામથી મહિને આટલું તો મળવું જ જોઈએ.

મારા આ પ્રયોગથી ઘણાની આંખ ઊઘડી ગઈ. ગાંધીજીને પણ ખબર પડી. ઘણાએ મજૂરી વધારવાનો વિરોધ કર્યો. પણ ગાંધીજીએ દૃઢતાપૂર્વક ચરખા સંઘ પાસે કાંતનારાને જીવન-વેતન આપવાનો સિદ્ધાંત કબૂલ કરાવ્યો. આ વિશે મેં *'અથાતો ન્યાયારંભ:'* —હવે ન્યાયનો આરંભ થયો, એવા શીર્ષક હેઠળ એક લેખ પણ લખ્યો. મેં કહ્યું, ''આનાથી મને અપાર આનંદ થયો, કારણ કે હું પણ એક મજૂર જ છું. ઘાયલ કી ગત ઘાયલ જાને !''

ટૂંકમાં, એ વાત તો નિશ્ચિત છે કે શ્રમ કરનારને પૂરતી મજૂરી આપીએ, તો જ શ્રમની અસલ પ્રતિષ્ઠા વધારી શકાય. મેં મારા સાથીઓને કહ્યું કે તમારાં સેંકડો આંદોલનો એક બાજુ રાખીને આ અસલી રાજનીતિ ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

એક વાર હું પવનાર ગામમાં ધાબળો ખરીદવા ગયો. એક બહેન ધાબળા લઈને વેચવા બેઠી હતી. તેણે ભાવ કહ્યો, એક ધાબળાનો દોઢ રૂપિયો. મેં એની પાસેથી બધી માહિતી મેળવી. ઊન શું ભાવે પડ્યું ? ઘેટાં પાળવામાં કેટલો ખર્ચ આવે છે ? વણતાં કેટલો વખત લાગ્યો ? એ મને ઓળખતી હતી કે આ માણસ પવનાર આશ્રમમાં રહે છે, એટલે તેણે મને બધું વિગતે કહ્યું. મેં હિસાબ કરી જોયો તો જણાયું કે એ ધાબળો એને પાંચ રૂપિયાથી ઓછામાં નહીં પડતો હોય. ''ત્યારે તું આને દોઢ રૂપિયામાં કેમ આપી રહી છે ?'' તો બોલી, ''પાંચ રૂપિયા કોણ આપે ? દોઢ કહું છું, તો સવા રૂપિયામાં માગે છે !'' મેં ધાબળો લીધો અને તેને પાંચ રૂપિયા દઈ દીધા. તેને થયું હશે, આ કલિયુગ છે કે સત્યયુગ !

### કાળા બજાર કરતાંયે કાળું સફેદ બજાર !

પછી તો મેં અમારા પરિશ્રમાલય અને આશ્રમમાં આવનારા છોકરાઓને આ ધાબળાની વાત જણાવીને કહ્યું કે તમે લોકો ચીજવસ્તુની પડતર બરાબર જોઈને તેનો બજારભાવ વધારતાં શીખો, કારણ કે પૂરતો ભાવ ન આપવો એ ગરીબોને લૂંટવા બરાબર છે. તમને લોકોને અહીં પૂરતી મજૂરી અપાય છે, તો તમે પણ બીજાઓને પૂરતી મજૂરી મળે તેવું કરો. ચોમાસામાં ઘાસનો ભારો બાંધીને બહેનો વેચવા આવે છે. તમે તે ભારો બે આનામાં ખરીદો. છોકરાઓ માની ગયા. બજારમાં ઘાસ વેચનારી કહેતી કે ભારાના ત્રણ પૈસા, તો લોકો કહેતા, બે પૈસામાં આપવો છે ? જ્યારે આશ્રમના છોકરાઓએ જઈને કહેવા માંડ્યું કે આની કીમત તો બે આના છે. લોકો કહેતા, ''તમે લોકો આમને ચઢાવી મારો છો ! બે આના કોણ આપશે ?'' છોકરાઓએ કહ્યું, અમે આપીશું. અને ખરેખર એમણે બે આના આપીને ભારો ખરીદી લીધો.

લોકો કાળા બજારને વખોડે છે, પણ હું સફેદ બજારનેય વખોડું છું. બજારમાં દરેક જણ એ જ બેતમાં હોય છે કે બીજાને કેવી રીતે લૂંટવો. એક સફેદ ઠગાઈ ચાલે છે. તેમાં કોઈની શરમ નથી રખાતી. પૈસો જ ત્યાં પરમેશ્વર છે. અને પૈસો પેઠો, ત્યાં પ્રેમ નાઠો !

### શ્રમની આર્થિક-સામાજિક-નૈતિક પ્રતિષ્ઠા થાય

આમાં ધરમૂળથી પરિવર્તન કરવું પડશે. હું જે પૈસો કમાઉં છું, હું જે અન્ન ખાઉં છું, તેમાં કોઈનું શોષણ તો નથી થયું ને—એવું વિચારવું પડશે. માત્ર ધન-આધારિત આજની વ્યવસ્થામાં આ બધું ઝટ નજરે નથી ચઢતું, આવું કાંઈ ઝટ સૂઝતું નથી. આપણે એમ માની લીધું છે કે દુનિયામાં આવું જ ચાલે. પરંતુ ઊંડાણથી આ બધો વિચાર કરવો પડશે. નહીં તો સમાજ આગળ નહીં વધે. રૂઢ થઈ ગયેલાં કેટલાંયે ખોટાં મૂલ્યોને દૂર કરીને એક નવી દૃષ્ટિ ખીલવવાની જરૂર છે.

આજે આપણી સામે આ એક મોટો પડકાર છે. આજે શરીરશ્રમ કરનારને ઓછી મજૂરી મળે છે, અને બીજાં કામો કરનારાઓને તેનાથી અનેકગણું મળે છે. સમાજમાં શારીરિક ને માનસિક શ્રમના વળતરમાં આટલો બધો ફરક ન હોવો જોઈએ.

ગીબને લખ્યું છે : ''રોમમાં શરીરશ્રમ જ્યારે હલકો ગણાવા માંડ્યો, ત્યારે રોમ પડ્યું.''

એટલે સમાજમાં શ્રમનું મૂલ્ય સ્થપાય તે જરૂરી છે. શારીરિક શ્રમને સામાજિક, આર્થિક ને નૈતિક પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. પ્રચલિત અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા ઉપર આપણે કુઠારાઘાત કરવો છે. આખીયે વ્યવસ્થા આજે ધન-આધારિત છે, તેને બદલે તેને શ્રમ-આધારિત બનાવવી છે.

## શરીરશ્રમથી બુદ્ધિની તેજસ્વિતા વધશે

આવી દૃષ્ટિથી મજૂરીને, એટલે કે શરીરશ્રમને ઉપાસના રૂપ સમજીને હું જીવ્યો છું. તે અંગે સાથીઓ સાથે મળીને વરસો સુધી મેં જાતજાતના પ્રયોગો કર્યા છે. તેને માટે રાત ને દિવસ કલાકો સુધી કામ કરવું પડ્યું, તે મેં કર્યું છે. ત્રીસેક વરસ સુધી તો સામાન્ય રીતે આઠ કલાકનો શ્રમ મારો થતો જ. ક્યારેક વધુ પણ થતો. ખેતી, પાણી પાવું, દળવું, ભંગીકામ, કાંતણ, વણાટ, ધોલાઈ, સુથારીકામ, એમ જાતજાતનાં કામો કલાકો સુધી હું સતત ત્રીસ વરસ સુધી કરતો રહ્યો છું. છપ્પન વરસની ઉંમર પછી દેશભરની પગપાળા યાત્રા ચાલી, ત્યારે મેં માન્યું કે આ ચાલવું એ આ અવસ્થામાં મારો શરીરશ્રમ જ છે.

મારું એમ કહેવું છે કે હું શરીરશ્રમ કરતો રહ્યો, તો તેનાથી મારી બુદ્ધિની શક્તિ ઘણી વધી, ઓછી નથી થઈ. હું એમ કહેવા નથી માગતો કે જેઓ રાતદિવસ કેવળ શરીરશ્રમ કરશે, એમની બુદ્ધિ તીવ્ર થશે. કોઈ પણ ચીજ 'અતિ' થઈ જાય છે, તો માણસનો વિકાસ અટકી જાય છે. પણ હું એમ તો જરૂર કહેવા માગું છું કે જેના જીવનમાં શરીરશ્રમનો સારો એવો અંશ અને તેની સાથે ચિંતન પણ હશે, તેનો બુદ્ધિ-વિકાસ સારો થશે. મારો પોતાનો આવો અનુભવ છે. જેમની પાસે બુદ્ધિશક્તિ છે, તેઓ જો થોડો શરીરશ્રમ કરશે, તો કાંઈ ગુમાવશે નહીં, બલ્કે ઘણું મેળવશે. એમની બુદ્ધિની તેજસ્વિતા વધશે.

# ૭

# હવેનો યુગ શ્રમિકોનો છે

## હવે સેવા ને શ્રમની મદદમાં લક્ષ્મી-શક્તિ-સરસ્વતી

૧૯૧૭માં રશિયાની ક્રાંતિ થઈ, ત્યારે બે-ત્રણ વરસ સુધી હું તે અંગે ચિંતન કરતો રહ્યો. એમ કરતાં-કરતાં મેં તેને 'શુદ્રયુગનો આરંભ' એવું નામ આપ્યું. મારો ઇતિહાસનો અભ્યાસ રહ્યો છે. તેના પરથી મારા મનમાં એમ સ્પષ્ટ થયું કે પ્રારંભમાં બ્રાહ્મણ-યુગ હતો. જે કાંઈ વિચાર કરવો હોય, તે બ્રાહ્મણો દ્વારા થતો, અને પછી જનતા તેને પોતાની શ્રદ્ધા અનુસાર ગ્રહણ કરતી. બ્રાહ્મણો જ સમાજરચના કરતા. આખી દુનિયામાં આમ જ ચાલતું હતું. અર્થાત્ જ્ઞાની લોકોના હાથમાં સમાજ હતો.

ત્યાર બાદ ક્ષત્રિય-યુગ આવ્યો. ક્ષત્રિયો ચારે કોર ફેલાયા. ક્ષત્રિયો યોગાભ્યાસ કરતા. બ્રહ્મવિદ્યા સુધ્ધાંને ક્ષત્રિયોએ પોતાના હાથમાં લીધી. રાજસત્તા તો એમણે હાથમાં લઈ જ લીધી. આખી દુનિયામાં ક્ષત્રિયોનું એક વાતાવરણ ફેલાયું.

ત્યાર પછી જ્યારે ઉદ્યોગો આવ્યા, ત્યારે વૈશ્ય-યુગનો આરંભ થયો. બે વેપારીઓ બધે ફેલાયા. બધાં ક્ષેત્રોમાં વેપારીઓનું વર્ચસ્વ રહ્યું. અને જ્યારે રશિયાની ક્રાંતિ થઈ, ત્યારે મને થયું કે હવે આ શુદ્ર-યુગનો આરંભ થયો.

શુદ્ર-યુગનો અર્થ સ્પષ્ટ કરું. આપણે વિદ્યા, શક્તિ અને સંપત્તિને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય સાથે જોડ્યાં હતાં. પણ હવે આને બદલે આ ત્રણેય સેવા સાથે જોડાશે. સેવા અને શ્રમ મુખ્ય બનશે તથા તેની મદદમાં લક્ષ્મી, શક્તિ ને સરસ્વતી રહેશે. આ પ્રકારની સમાજરચના હવે દુનિયામાં થવાની છે. આવા શુદ્ર-યુગનો આરંભ થઈ ચૂક્યો છે.

## ભેદભાવના ભૂતને ભગાડવા શ્રમની ઉપાસના જ તરણોપાય

સમજવાનું સહેલું પડે એટલા ખાતર મેં આવી રીતે વર્ણવ્યવસ્થાની પરિભાષામાં વાત કરી. બાકી, આજે હવે વર્ણવ્યવસ્થાની ઢબે વિચારવાની જરૂર નથી. એક જમાનામાં વર્ણવ્યવસ્થા ઊભી કરવામાં આવી, તે સારી દાનતથી કરવામાં આવેલી. દરેકને તેની લાયકાત મુજબ અભ્યાસ, કામ વગેરે સોંપાયાં હતાં. આગળ ચાલતાં તેમાં ભેદભાવ અને વિષમતા

વધી. એમ જણાયું કે લાયકાત તો સૌ કોઈની વધી શકે છે. જે જમાનામાં હજી વિજ્ઞાન ઝાઝું નહોતું, તે જમાનામાં વર્ણ-વ્યવસ્થા ઊભી કરવી પડી. પણ વિજ્ઞાન વધતાં જણાયું કે માણસોનો એકસરખો વિકાસ કરી શકાશે, વર્ણ પાડવાની જરૂર નથી.

દાખલા તરીકે પહેલાં નિયમ હતો કે માત્ર બ્રાહ્મણ હોય તે જ વેદ ભણી શકે. એ જમાનામાં છાપખાનાં નહોતાં. વેદ કંઠસ્થ કરવા પડતા. બધાના ઉચ્ચાર સરખા ન થાય, તેથી વેદમાં ભૂલો પેસી જાય. એટલે અમુક લાયકાતવાળા જ વેદ ભણી શકે, એવો નિયમ કરી દીધો. પરંતુ આજે વેદ છાપી શકાય છે એટલું જ નહીં, કોઈ સરસ વેદોચ્ચાર કરે તેની રેકર્ડ પણ ઉતારી શકાય છે, અને ઘરેઘરે વેદપાઠ થઈ શકે છે. પ્રાચીન કાળ જેવી મુસીબતો આજે નથી. માટે શિક્ષણ પર કોઈ જાતનો પ્રતિબંધ મૂકવો જરૂરી નથી. આજે તો બધે સમતાની ભૂખ છે. સમાનતા, સામ્ય એ આજનો યુગધર્મ છે.

આજે તો વર્ણવ્યવસ્થાએ સમાજમાં ઊંચનીચના ભેદભાવ ઊભા કરી દીધા છે, અસમાનતા ઊભી કરી દીધી છે. એટલે તેને છોડવી પડે. આ ભેદભાવના ભૂતને દફનાવી દેવા માટે શરીરશ્રમનું વ્રત મંત્ર સમાન છે. આજે સમાજની સામ્ય અવસ્થાનો ભંગ થઈ સમાજમાં માલિક-મજૂર, ગરીબ-અમીર વર્ગ ઊભા થઈ ગયા છે. ગરીબ અમીરોનો મત્સર કરતા રહે તથા અમીર ગરીબનો તિરસ્કાર કરતા રહે, એવી પરિસ્થિતિ સમાજમાં ઊભી થઈ ગઈ છે. તેવે વખતે શ્રમની ઉપાસના જ તરણોપાય છે. શ્રમોપાસના દ્વારા વર્ગોનું ભેદન કરવું અને સમાજને ફરી જોડવો, એ આજનો યુગધર્મ છે. શ્રમ અને સેવા એ હવે શુદ્રોનો જ નહીં, દરેકનો ધર્મ બની રહેવો જોઈએ. દરેકને ભૂખ લાગે છે. તે ભૂખને શમાવવા અન્ન જોઈએ અને અન્ન ઉત્પન્ન કરવા શ્રમ કરવો પડે. તો શ્રમ દરેક કરે.

### દરેકનું પેટ પણ ભરાય, દરેકનું દિમાગ પણ ચાલે

બ્રાહ્મણોપનિષદમાં કહ્યું છે કે *'યદ્ધિ ભૂતમાત્રા ન સ્યુ: ન પ્રજ્ઞામાત્રા: સ્યુ:'* — અન્ન વધારવા માટે પ્રજ્ઞા જોઈએ અને પ્રજ્ઞા વધારવા માટે અન્ન જોઈએ. ખાવાનું નહીં મળે તો દિમાગ નહીં ચાલે, અને દિમાગ નહીં ચાલે તો ખાવાનું નહીં મળે. બંને પરસ્પર અવલંબિત છે. ખાવાનું નહીં મળે તો ઉપનિષદ નહીં વાંચી શકાય. દરેક માણસને કુદરતે પેટ પણ આપ્યું છે, અને દિમાગ પણ આપ્યું છે. એટલે દરેક માણસનું પેટ પણ ભરાવું જોઈએ અને દિમાગ પણ ચાલવું જોઈએ. તેથી દરેક માણસે શ્રમ પણ કરવો જોઈએ અને ચિંતન પણ કરવું જોઈએ. આમ થશે તો જ સમાજમાં સામ્ય સચવાશે. બુદ્ધિમાન માણસો જો પરિશ્રમ કરવા લાગશે, તો સહજ જ કામ સુધરશે. પછી કામ કરનારની, મજૂરી કરનારની સ્થિતિ અવશ્ય સુધરશે તથા બુદ્ધિમાન માણસના ચિંતનમાંયે સમતુલા આવશે. આવું સામ્ય આપણે સમાજમાં લાવવું છે. શૂદ્ર-યુગનો આરંભ થયો છે એટલે આવા સામ્યયુગનો આરંભ થયો છે. તેમાં શ્રમ અને સેવા એ કોઈ અમુક વર્ગનો જ નહીં, દરેક માણસનો ધર્મ બની રહેશે તથા જ્ઞાનની પ્રાપ્તિ એ પણ દરેક માણસનો અધિકાર હશે. રશિયાની ક્રાંતિથી આવા નવા યુગનો આરંભ થયો છે, એમ મારા ધ્યાનમાં આવ્યું.

આપણા જમાનામાં સમાજમાં શ્રમની ફરી પ્રતિષ્ઠા કરવાનું કામ ગાંધીજી દ્વારા ઘણું થયું. એમણે સેવા સાથે શરીર-પરિશ્રમને જોડી દીધો. દરેક માણસ કાંઈ ને કાંઈ શ્રમ કરે. ખેતરમાં કામ ન કરી શકે, તો ચરખા ઉપર સૂતર કાંતે. એમનો કાંતણયજ્ઞ એ શ્રમનિષ્ઠાના પ્રતીક રૂપ હતો.

## બ્રહ્મવિદ્યાએ મજૂરીના ક્ષેત્રમાં ઊતરવું પડશે

ગાંધીજીની શ્રમનિષ્ઠાની આ વાત મેં બ્રહ્મવિદ્યાની ઉપાસના માનીને ઉપાડી લીધી. જીવનભર હું શરીરશ્રમના જાતજાતના પ્રયોગો કરતો રહ્યો. કલાકો સુધી મેં જુદાં જુદાં શરીરશ્રમનાં કામો કર્યાં. મેં માન્યું કે બ્રહ્મવિદ્યા સામે આજે આ એક પડકાર છે. બ્રહ્મવિદ્યા માટે પુરુષાર્થનું આ એક નવું ક્ષેત્ર ખૂલ્યું છે.

એક કાળ એવો હતો કે બ્રહ્મવિદ્યા અરણ્યમાં હતી. તે વખતે ચારે કોર જંગલ હતાં. જંગલો સાફ કરીને ત્યાં ખેતી કરવાની હતી. જંગલી જાનવરોથી માણસે પોતાનું રક્ષણ કરવાનું હતું. એટલે ઋષિઓ, આચાર્યો બધા જંગલમાં ગયા. ત્યાં એમણે આશ્રમ ચલાવ્યા, વિદ્યા શીખવી અને જંગલો સાફ કરવા માટે લોકોને ઉત્તેજન આપ્યું. તે વખતે અને જમાનાની આવશ્યકતા અનુસાર બ્રહ્મવિદ્યાનું સ્વરૂપ આવું હતું.

આ પછી બ્રહ્મવિદ્યા રણક્ષેત્રમાં આવી. સમાજમાં જે ઝઘડા ઊભા થયા, તે ઉકેલવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને એ પ્રયત્ન સફળ ન થાય, તો વેરભાવ વિના લડવું જોઈએ. એ શીખવનાર ગુરુ કૃષ્ણ થયા, અને એમણે તે જમાનાને અનુરૂપ બ્રહ્મવિદ્યા શીખવી.

આજે હવે બ્રહ્મવિદ્યાને મજૂરીના ક્ષેત્રમાં ઉતારવાની છે. આજે શરીરશ્રમ કરનારને ઓછી મજૂરી મળે છે, અને બીજાં કામો કરનારને તેનાથી અનેક ગણું મળે છે. આખી દુનિયામાં ઓછાવત્તા પ્રમાણમાં આવું ચાલે છે. એટલે હવે બ્રહ્મવિદ્યાને આ ક્ષેત્રમાં ઉતારવાની છે. બ્રહ્મવિદ્યા સામેનું આજનું આ યુગકાર્ય છે.

## આ બધું કરવું એ આજે હવે બ્રહ્મવિદ્યા જ છે

આજે હવે નાનાં નાનાં ઓજારો કુશળતાથી વાપરવાની વિદ્યા શીખવી જોઈશે. વિજ્ઞાનના અનેકાનેક પ્રયોગો કરીને ઓજારોમાં સુધારો કરવો જોઈશે, અને ખેતીનું તેમ જ અન્ય જીવન-જરૂરિયાતની ચીજવસ્તુનું ઉત્પાદન કરનારાઓને યોગ્ય ભાવ મળે એવી વ્યવસ્થા ગોઠવવી પડશે. મારું એમ માનવું છે કે યોજનાપૂર્વક કામ કરવામાં આવે, તો ત્રણ-સાડા ત્રણ કલાકના ઉત્પાદક પરિશ્રમથી એક માણસને પૂર્ણ આજીવિકા પ્રાપ્ત થઈ શકે. આ વસ્તુ હવે સધાવી જોઈએ કે જેથી પોતાના ગુજરાન પાછળ માણસે વધુ સમય ન આપવો પડે. ઉપરાંત, સમાજમાં શારીરિક ને માનસિક શ્રમના વળતરમાં આજે છે એટલો બધો ફરક ન હોવો જોઈએ.

આજના ધનાધારિત સમાજમાં તો શ્રમની કોઈ પ્રતિષ્ઠા જ નથી. માણસ જેટલો સમાજને ઉપયોગી પરિશ્રમ કરતો હશે, તેટલો તેને હલકો ગણવામાં આવશે. શ્રમ કરનારાની

નરી ઘૃણા જ કરવામાં આવે છે. જરૂરીમાં જરૂરી એવું ભંગીકામ છે, છતાં તે કામ કરનારો આજે સૌથી નીચો મનાય છે ! [illegible] કુંભાર, મુથાર, વણકર, ખેડૂત બધા જ સમાજમાં નીચા. આર્થિક દૃષ્ટિએ જોઈએ તો શારીરશ્રમની કીમત માનસિક શ્રમની કીમત કરતાં એકદમ નીચી. એટલે કે આજે શ્રમની આર્થિક પ્રતિષ્ઠા પણ ઓછામાં ઓછી છે. અને શ્રમની નૈતિક પ્રતિષ્ઠા પણ નથી. એટલે પછી માણસ પોતે શ્રમ કરતો હોય, તોયે તેને તે ટાળવા ઇચ્છે છે. જે પરિશ્રમ કરે છે, તેને બીજા લોકો તો હીન માને જ છે, પણ તે પોતે પણ પોતાને હીન માને છે. શ્રમ કરવામાં માણસ પ્રતિષ્ઠા નથી માનતો.

એટલે શ્રમને સામાજિક, આર્થિક ને નૈતિક, ત્રણેય પ્રકારની પ્રતિષ્ઠા આપવી પડશે. તો જ શ્રમના આધાર ઉપર નવી વ્યવસ્થા ઊભી થઈ શકશે. અને આ માટે બ્રહ્મવિદ્યાએ આજે મજૂરીના ક્ષેત્રમાં ઊતરવું પડશે.

આમ, સમગ્ર વ્યવસ્થા નવેસરથી ગોઠવવાની આ વાત છે. વિજ્ઞાન, ઉદ્યોગ, કળા, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે બધું આમાં આવશે. બ્રહ્મવિદ્યાની ઉપાસના રૂપે આ બધાંમાં પડવાનું છે અને નવા યુગને અનુરૂપ આ બધું નવેસરથી ગોઠવવાનું છે. આ નવો યુગ એ શ્રમનિષ્ઠાનો યુગ છે, શ્રમિકોનો યુગ છે. તેમાં સેવા અને શ્રમ મુખ્ય બનશે તથા જ્ઞાન, શક્તિ, કુશળતા બધું જ તેની મદદમાં રહેશે. માણસની સ્વસ્થ નરવી જીવનદૃષ્ટિ એમ કહેશે કે આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે. માણસનો તેની સાથે એકાત્મતાનો આત્મીય નાતો છે. આ સૃષ્ટિની સેવા કરવી એ માણસનું પરમ કર્તવ્ય છે, અને તે માટે શ્રમ અનિવાર્ય છે. હવેનો યુગ એ આવી શ્રમનિષ્ઠાનો યુગ છે, શ્રમિકોનો યુગ છે.

Acc. No. 130259
Date 9-9-2010

## વિનોબાજીનાં અન્ય પુસ્તકો

| | |
|---|---|
| | રૂપિયા |
| વિજ્ઞાનયુગમાં ધર્મ | ૭ |
| ગાંધી : જેવા જોયા જાણ્યા વિનોબાએ | ૧૫ |
| સર્વોદયનું અર્થકારણ | ૨૦ |
| સાહિત્ય | ૩૦ |
| કાર્યકર્તા પાથેય | ૩૫ |
| ભારતીય સંસ્કૃતિ | ૨૦ |
| વિજ્ઞાન-અધ્યાત્મ | ૫૦ |

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

આ સમસ્ત સૃષ્ટિ ઈશ્વરમય છે.
એ પરમેશ્વરનું પ્રગટ સ્વરૂપ છે.

એ ચૈતન્યમય છે.
તેમાં એક સમગ્ર વ્યવસ્થા જણાય છે.

એ માણસની મિત્ર છે.
માણસનો આ સૃષ્ટિ સાથે
એકાત્મતાનો ઘનિષ્ઠ નાતો છે.

સૃષ્ટિની સેવા કરવી,
એ માણસનું પરમ કર્તવ્ય છે.
ક્ષતિપૂર્તિ, શુદ્ધિકરણ અને નવનિર્માણ કરતા રહેવું,
એ માણસનું યજ્ઞમય ત્રિવિધ કર્તવ્ય છે.

**o વિનોબા o**

Library IIAS, Shimla
GJ 891.474 V 77
00130259

આવરણ : રોહિત પટેલ

SABARMATI ASHRAM
000788 Ahmedabad
SURSTI SATHE MANASNO
NATO GUJ.
MRP:Rs.10

૧૦ રૂપિયા